અનન્ય પરિવર્તન

May 2019, Mumbai ♦ Volume 9 ♦ Issue 3



ચારિત્ર ગુણની શુધ્ધ અવસ્થા એ વીતરાગતા છે.
સંસારના કોઇપણ પદાર્થ માટે ઇચ્છા ન હોવી એ વીતરાગતા છે.
કષાયોનો પૂરેપૂરો અભાવ એ વીતરાગતા છે.

ગુરૂ ચરણે સર્વસ્વ અર્પણ કરનાર
પરમ શિષ્ય
પરમ પૂજ્ય મમ્મીજી



હે પ્રભુ !

મારી પાસે જે વચન બોલાવો તે સત્ય હોજો,

મારી પાસે જે ભાવ કરાવો તે સત્ય હોજો,

અને મારી પાસે જે કાર્ય કરાવો તે સત્ય હોજો

અનુક્રમણિકા

પ્રાર્થના ૨
પૂજ્યશ્રીની સાથે - વચનામૃતની વાટે ૩
જ્ઞાન સાગર ૪
पूज्यश्री की अमृतवाणी ६
The Master's Voice ८
શ્રીમદ્ રાજચંદ્ર અંતર ચારિત્ર - એક સંશોધનાત્મક પ્રયાસ ૧૦
સત્પુરુષાર્થ ૧૨
जिनशासन की किर्ति गाथा १४
પ્રશ્નોત્તરી ૧૬
મહાવીર જન્મ કલ્યાણકની ભક્તિમય ઉજવણી ૧૮
શ્રી રાધાવતાર ૨૦
SRATRC - Kolkata ૨૨
પૂજ્ય કુંવર મા ૨૪
સમાધિ મરણ ૨૬
જાણ્યું - અજાણ્યું - લખાણું ૨૯
RIYF Fifth Edition of Raj Premier League at our Research Centre ૩૧
RIYF ૩૩
SRATRC - Kolkata ૩૪
Shree Raj Medical Centre ૩૫
Tasty Bites ૩૭
તત્ત્વ ઉકેલ ૩૮
Forthcoming Events ૩૯
Sponsorship ૪૦



EDITORIAL

આપણા પરમ આરાધ્ય પરમ કૃપાળુ દેવ જેમના અંતેવાસી શિષ્ય હતા એ જૈનોના ૨૪માં તીર્થંકર, ભગવાન મહાવીરની જન્મ જયંતિ બધા જૈનોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવી. શ્રીમદ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટર, રાજનગર પર્લી તરફથી પણ મુંબઈ - મુલુંડમાં સ્પર્શ ઈન્ટરનેશનલના કલાકારો દ્વારા પ્રસ્તુત એક સુંદર ભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એ પરમ કૃપાળુ દેવના વચનને સમજાવતાં પરમ પૂજ્યશ્રી કહે છે કે સત્પુરુષ જે કહે છે એ યથાર્થ રીતે જો જીવ સમજે, એમની આજ્ઞાનું પાલન ૧૦૦ ટકા કરે તો રિઝલ્ટ મળે જ. સત્પુરુષની આજ્ઞા પાળતાં કેવા કેવા અનુભવો થાય છે, શું પરિણામ મળે છે એ તો અનન્ય પરિવર્તનમાં આવતી સત્પુરુષાર્થ કોલમ વાંચતા આપને ખ્યાલ આવતો જ હશે.

મે મહિનો એટલે કાળઝાળ ગરમી વચ્ચે શીતળ છાયા અર્પનાર પરમ પૂજ્ય મમ્મીજી રૂપે વડલો જેમણે સદ્‌ગુરુને ઓળખ્યા પછી પોતાનું સર્વસ્વ ગુરુ ચરણમાં અર્પણ કરી દીધું. એવા પરમ પૂજ્ય મમ્મીજી, રમાબેનનો જન્મ દિવસ આપણે સહુ સર્વાપણા દિવસ તરીકે ઉજવીએ છીએ એવા પરમ પૂજ્ય શાંત મૂર્તિ પૂજ્ય મમ્મીજીનાચરણોમાં કોટિ કોટિ વંદન.

અંતે પૂજ્યશ્રીના મિશન ૨૦૨૦ ના લક્ષ્યની પૂર્તિ અર્થે આપ સહુને આપનો પુરુષાર્થ મુબારક. આપણે સહુ એકજૂટ બનીને સમય મર્યાદા પહેલા જ એ લક્ષ્યને પૂર્ણ કરીએ એજ અભિલાષા સહ શુભેચ્છા.

પ્રાર્થના

હે પ્રભુ ! તમારી પરમ કૃપા,
અનંત દયા,

કરુણામય હૃદય, કોમળ વાણી,
ચિત્તહરણ શક્તિ,

વૈરાગ્યની તીવ્રતા,
બોધબીજનું અપૂર્વપણું, સમ્યક્ જ્ઞાન,
સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્રનું
સંપૂર્ણ ઉજમાળપણું,

પરમાર્થ લીલા, અપાર શાંતિ,
નિષ્કારણ કરુણા,

નિઃસ્વાર્થ બોધ,
સત્સંગની અપૂર્વતા એ આદિ

પરમોત્કૃષ્ટ ગુણોનું સ્મરણ થવાથી
મારા શુદ્ધ અંતઃકરણથી

ત્રિકરણ યોગે હું આપના પવિત્ર
ચરણારવિંદમાં

અભિવંદન કરું છું.

પૂજ્યશ્રીની સાથે – વચનામૃતની વાટે

- વીતરાગની વાત ન સમજાય તો પણ એ ૧૦૦ ટકા સાચા છે એવો નિશ્ચય પણ આપણે નથી કરેલો. વીતરાગે કહેલું મને બિલકુલ સમજાતું નથી પણ એ ૧૦૦ ટકા સાચું છે એ મારો નિશ્ચય છે તો જે નથી સમજાતું એ કો'ક દિવસ સમજાવાના ચાન્સ છે. ''વીતરાગનો કહેલો ધર્મ પરમ સત્ય છે,'' એ ભાવ બળવાનપણે કર્યા નથી એજ જીવનું અનઅધિકારીપણું છે.
- સત્સંગની જીવને ઓળખાણ જ નથી એટલે સત્સંગ મળ્યા પછી એ ફળવાન થતો નથી. સત્સંગનું ફળ વિરતી છે. તો વિચારી જુઓ કે કેટલા વર્ષોથી પરમ કૃપાળુ દેવનાં માર્ગમાં છીએ? આપણામાં વિરતી કહેતાં ત્યાગ, વૈરાગ્ય, કષાયની ઉપશાંતતા વિગેરે કેટલાં થયા છે? જો ન થયા હોય તો સત્સંગનું ફળ મળેલું નથી. સત્સંગનું મહાત્મ્ય, સેવન, ઉપાસના થવી જોઈએ. જો એવું ન થયું હોય તો અનઅધિકારીપણું છે.
- સાચા સત્પુરુષ પરમ કૃપાળુ દેવ પોતે છે. એમનું વચનામૃત ઉંડાણથી વાંચો તો તમારા કોઈપણ પ્રશ્ન, પરમાર્થના કે સંસારના બધાના જ જવાબો એમાં આપેલા છે. એક પ્રશ્ન એવો નહીં હોય કે જેનો તમને વચનામૃતમાંથી જવાબ ન મળે.
- સમદર્શિતા કહેતાં સર્વ પદાર્થ પ્રત્યે, પ્રાણી પ્રત્યે સમતાભાવ. સમદર્શિતા એટલે ઈચ્છારહિતપણું. સર્વપદાર્થ પ્રત્યે એક સરખો ભાવ; નથી રાગ રહેતો, નથી દ્વેષ રહેતો. જે પદાર્થ જેમ છે એ પ્રમાણે જોવામાં આવે છે. કાદવ ને કાદવ તરીકે જાણે છે, સોનુ હોય તો સોના તરીકે જાણે છે. ત્યાં કોઈપણ ભાવ નથી કે આ ખરાબ છે કે આ સારું છે, ફક્ત જાણે છે. ત્યાં કોઈપણ પ્રકારનાં રાગ-દ્વેષ નથી. ૨-૫ ભવ પુરુષાર્થ કરીએ તો એ દશાની સમજણ પડે કે રાગ - દ્વેષ કેમ ઓછા થાય. ઝીણવટથી આપણાં ભાવની ચકાસણી કરતા જ રહેવાની છે. રાગ-દ્વેષ જેટલાં ઓછા થયા છે એટલાં પ્રમાણમાં ઈચ્છા ઓછી થાય થાય ને થાય જ. અરિહંત ઈચ્છારહિતપણે છે. જ્યાં કોઈપણ પદાર્થ, પ્રાણીને જોશો તો તરત જ ભાવ થશે. આ હોય તો સારું, આ ન હોય તો સારું. જ્યાં કોઈ ભાવ નથી થતાં તો ત્યાં અજ્ઞાન છે, રાગ-દ્વેષ નથી એવું નથી. ચંદ્ર, નક્ષત્રો જોઈને કંઈ ભાવ જ નથી થતાં કેમકે તેના વિશે પુરું જ્ઞાન નથી માટે રાગ-દ્વેષ નથી થતાં.
- કર્મ જ્યારે ઉદયમાં આવે છે ત્યારે કર્મની ઉદ્દીરણા ન થવી જોઈએ . ઉદ્દીરણા એટલે કોઈપણ વસ્તુને કરવાની ઈચ્છા. રોજ ૧૨-૩૦ કે ૧ વાગે જમવા બેસતા હોઈએ ને ક્યારેક ક્યાંક જવાનું થાય ત્યારે ઘરમાં કહી દઈએ કે ૧૧ વાગે મને જમવાનું આપજો, જલ્દી જવાનું છે. આ અન્ન પ્રત્યેની ઉદ્દીરણા થઈ એમ કહેવાય. વસ્તુ ઓટોમેટિક થયા કરે એ કર્મનો ઉદય છે અને જે કંઈ ઈચ્છા કરીને માગવામાં આવે એ ઉદ્દીરણા છે.

  લક્ષ એ જોઈએ કે કર્મ કોઈપણ પ્રકારે પોતાની મેળે હાજર થાય. કોઈપણ પ્રકારની આપણી ઈચ્છા ન થવી જોઈએ. કર્મને પણ આયુષ્ય હોય છે. ગમે તેવું કર્મ હોય તેનો સમય થાય ત્યારે પુરું થઈ જાય. એ સમયની અંદર સમતાભાવે સહન કરવું એ છે વિચરે ઉદય પ્રયોગ.
- પરમશ્રુતપણું એટલે અત્યાર સુધીમાં બ્રહ્માંડમાં જેટલાં શાસ્ત્રો, તત્વો, વિગેરે કહીએ એ બધી વસ્તુને સંપૂર્ણપણે જાણે છે, માત્ર જૈન ધર્મ કે આત્માને જ નહીં, આખી દુનિયાની ફિલોસોફીને બરાબર જાણે છે એટલે કહી શકે કે કંઈ ભૂલને લીધે તમે અટકેલા છો અને એ કેવી રીતે સુધારી શકાય. ◆

સમકિતનું સરનામું



''જેમ ઘટ પટ આદિ પદાર્થો છે તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટપટાદિ હોવાનું પ્રમાણ છે; તેમ સ્વ પર પ્રકાશક એવી ચૈતન્ય સત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિશે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.''

ગુણે કરીને આપણે દરેક પદાર્થને ઓળખીએ છીએ. અમુક અમુક ગુણો જેમાં છે એ દ્રશ્ય પદાર્થ છે અને જે દ્રશ્ય પદાર્થ એ જડ પદાર્થ છે. પણ એવી રીતે આત્મા ઓળખાતો નથી. આત્માનો મુખ્ય ગુણ સ્વ - પર પ્રકાશક છે. આખા બ્રહ્માંડમાં બીજા કોઈ પદાર્થમાં આ ગુણ નથી. આ ગુણનો દરેકને અનુભવ છે છતાં આ ગુણ આત્માનો છે એનો વિચાર માત્ર નથી.

''થોડી વાર માટે ભુલી જાઓ તમે જૈન છો, ભુલી જાઓ તમારે ધર્મ કરવાનો છે, એટલે કે ક-૨-વો છે. ભુલી જાઓ તમે ધાર્મિક વાત સાંભળી રહ્યા છો અને પ્રભુના, ભગવાનનાં આત્માનું કલ્યાણ કરી રહ્યા છો. અત્યારે યાદ રાખો કે પદાર્થ વિજ્ઞાન સમજી રહ્યા છીએ.''

આત્મધર્મની આરાધના જ્યાં સુધી ચાલે છે ત્યાં સુધી તમે જૈન છો એ ખરેખર ભુલી જાઓ. જો ન ભુલાય તો જ્ઞાની પુરુષ જે કહે છે તેની વચ્ચે વચ્ચે રૂઢી ધર્મ જે કલ્યાણનું કારણ નથી એ ઘુમ્યા કરશે.

વૈજ્ઞાનિક રીતે જે જે કરવામાં આવે છે એનું ૧૦૦ ટકા પ્રુફ મળે છે. પરમાર્થે જે કંઈ કહેવામાં આવે છે તમને એની પ્રતીતિ ડગલે ને પગલે મળતી રહેશે.

આ વિશ્વમાં અનેક પદાર્થો છે, એમાં મુખ્ય છ દ્રવ્ય છે. (૧) જીવ (૨) અજીવ (પુદ્ગલ) (૩) ધર્માસ્તિકાય (૪) અધર્માસ્તિકાય (૫) આકાશ (૬) કાળ.

ઉપરોક્ત છ દ્રવ્યમાંથી જીવ ચેતન છે; બાકીનાં પાંચ અજીવ, જડ છે. તે પાંચમાં એક અજીવ જડ પુદ્ગલ છે.

જડ પુદ્ગલ અને ચેતન દ્રવ્યની મુખ્યપણે વૈજ્ઞાનિક રીતે વાત કરવાની છે.

એક એવું દ્રવ્ય જે અનાદિથી સમજવામાં નથી આવ્યું, તેને સમજીને ઓળખવા માંગીએ છીએ. ભલે મહાત્માઓએ તેને ગમે તેટલું મહાન કહ્યું હોય, કે તે જ ઈશ્વર છે એમ જણાવ્યું હોય, તો પણ અત્યારે તે મહાન તત્વને મહાન સમજી, આપણા જેવા ક્ષુદ્રથી તેને અલગ રાખવા કરતાં અત્યંત સાધારણ દ્રવ્ય - પદાર્થની જેમ તેને ઓળખીએ.

જ્યારે આત્મા, પરમાત્મા, ચેતન બોલીએ ત્યારે તીર્થંકર, અરિહંતનો આત્મા કેટલો મહાન છે અને આપણે કેટલા ક્ષુદ્ર છીએ, એમ સમજીએ છીએ.

ખુરશી, ટેબલ, પલંગ તેને જેમ સહજપણે જાણીએ છીએ તેમ આત્મા (જીવ) પણ એક પદાર્થ છે, અને તેનું અસ્તિત્વ છે.

આત્મા (જીવ) એક સાધારણ પદાર્થ છે જેને સહજમાં આપણે ઓળખી શકીશું. તીર્થંકર, અરિહંતની વાત આપણે

આત્માનો મુખ્ય ગુણ સ્વ પર પ્રકાશક છે. આખા બ્રહ્માંડમાં બીજા કોઈ પદાર્થમાં આ ગુણ નથી. આ ગુણનો દરેકને અનુભવ છે છતાં આ ગુણ આત્માનો છે એનો વિચાર માત્ર નથી.

ન સમજી શકીએ પણ ક્ષુદ્ર જીવની વાત આપણે ચોક્કસ સમજી શકીએ. તીર્યંચના જીવો કીડી, મકોડા, વાંદા, હાથી, ઘોડા જેવા ચારે ગતિમાં સમજણ વગર જે ભટકી રહ્યા એવા જીવની વાત કરીએ છીએ.

એ ભુલને સુધારી લઈએ તો એક પ્રતીતિ મળી જશે કે આવતા ભવોની અંદર મને આત્માનો સાક્ષાત્કાર ચોક્કસ થઈ શકશે.

પદાર્થ ગુણે કરીને ઓળખાય છે. આજથી ૬૦ વર્ષ પહેલા મોબાઈલ ન હતા. મોબાઈલથી અહીં બેસી યુ.એસ.એ., યુ. કે. સુધી વાત થાય એ માનવામાં આવતું નહોતું. મોબાઈલનાં ગુણની જ્યારે ખબર પડી તો આને મોબાઈલ કહેવાય એ બરાબર સમજાઈ ગયું. પદાર્થ ઓળખાતો નથી પણ પદાર્થના ગુણનો અનુભવ થાય જ છે. પદાર્થના ગુણને આપણે બધા જાણીએ છીએ પણ કયા પદાર્થનો આ ગુણ છે એ કોઈએ કહ્યું નથી.

પુદ્ગલ વસ્તુઓને તેની વસ્તુત્વતા કે ઉપયોગિતાના ગુણે કરીને જુદા જુદા નામે ઓળખીએ છીએ અને જડ પુદ્ગલનાં પદાર્થોને જાણીએ છીએ. સંસારના બધા જ દેખાતા, ઓળખાતા પદાર્થો જડ - પુદ્ગલ છે.

ખુરશી, સોફા બોલીએ તો બેસવાના કામમાં લાગે. દરેક પદાર્થને ગુણે કરીને જાણીએ છીએ. એવી રીતે જીવ નામના પદાર્થને ગુણે કરીને સમજવાનો છે. આવા આવા ગુણો ડેવલોપ થાય તો એ 'આત્મા' છે, ડેવલોપ ન થાય તો 'જીવ' છે. પદાર્થ ગુણે કરીને અત્યંત સહજ રીતે સમજી શકાય છે.

આખા બ્રહ્માંડમાં ગમે તે પદાર્થને જોઈએ, સાંભળીએ, ચાખીએ તે બધા જ પદાર્થો જડ, જડ ને જડ છે, જડ પુદ્ગલ છે. જ્યાં જ્યાં નજર પડે છે, જે દેખાય છે, ગાય, ભેંસ, ચકલી એ જડ છે. આ જડ છે એમ જેને ખબર પડે છે એ ચેતન છે. જ્યાં ખબર નથી પડતી તો એ કર્મનાં આવરણ છે.

જીવનો જોવાનો, જાણવાનો ગુણ એને ભવોભવથી આપણે જાણીએ છીએ પણ એટલું નક્કી નથી કરતાં કે જે જાણે છે એ જીવ છે, જે દેહની અંદર રહેલો છે. આ

'હું આત્મા છું', 'મેં જોયું - જાણ્યું'... આવી નાની નાની પ્રેક્ટીસ કરીએ તો આત્મા હાજર થાય જ. મેં જોયું પણ ખબર ન પડી તો કર્મનું આવરણ છે.

દેહની અંદર ૫ જ્ઞાનેન્દ્રિય, ૫ કતૃત્વ ઈન્દ્રિયો, ૫ ભોક્તૃત્વ ઈન્દ્રિયો એ બધું જડ, જડ ને જડ છે. આપણે જાણીએ છીએ આ શું છે અને કેવું છે. એનો અર્થ એ થયો કે આપણા શરીરની અંદર કોઈ તત્વ છે જે અત્યંત નીચી દશામાં છે માટે એને જીવ કહીએ છીએ. આપણી અંદર જીવ છે જેને ગુણે કરીને ઓળખીએ છીએ પણ એના ઉપર ઊંડા વિચાર કરેલા નથી માટે અઘરું લાગે છે.

'હું આત્મા છું', 'મેં જોયું - જાણ્યું'... આવી નાની નાની પ્રેક્ટીસ કરીએ તો આત્મા હાજર થાય જ. મેં જોયું પણ ખબર ન પડી તો કર્મનું આવરણ છે.

વિચાર કરો ગુણે કરીને પદાર્થ ઓળખાય છે. જે ગુણ છે એ ગૌણ રહે છે, મુખ્ય એ પદાર્થ રહે છે. વરસાદના અવાજનું મહત્વ એટલું બધું નથી, જેટલું વરસાદનું છે. કેરી ખાતા હોઈએ તો બહુ મીઠી છે, ફાઈન છે, ગુણને ઓળખી કેરી બોલીએ છીએ.

ગુણને જાણીને પદાર્થના ગુણગાન ગવાય છે. 'હું જાણું છું', 'હું આત્મા છું.' ગુણ ઉપર ભાર દેવા કરતાં 'આત્મા' 'આત્મા' બોલાય છે. ગુણ કરતાં દ્રવ્ય વધારે બોલાય છે. દ્રવ્ય પાક્કુ કરવાનું છે, ગુણ સેકેન્ડરી છે. દ્રવ્ય છે તો ગુણ છે, બન્ને સાથે રહે છે. સમજાવવા માટે કહ્યું ગુણે કરીને પદાર્થ ઓળખાય છે. પદાર્થ ઓળખવા માટે ગુણ છે.

જ્યારે ગુણની ખબર પડે ત્યારે મનમાં બોલતા રહો આત્માને ખબર પડી, આત્માએ આ જાણ્યું, આત્માએ આ સમજી લીધું, 'હું આત્મા છું, હું આત્મા છું..'

વર્ષો સુધી આત્માનું રટણ ચાલશે તો આત્મા પાકો થશે. વર્ષો સુધી ચિંતન ઓલ ધ ટાઈમ ચાલ્યા કરે એ જરૂરી છે. ◆

નોંધ : પૂજ્યશ્રી દ્વારા વિવેચીત 'સમકિતનું સરનામું'નું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તન ટીમ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

मूल मार्ग रहस्य

तीर्थंकरने आत्मा की जो व्याख्या दी है, उस व्याख्या को अनुभव से जाना, वही ''ज्ञान'' है। जो कुछ जाना है, उस पर जितना दृढ़ विश्वास कि जो वस्तु अनुभव से मैंने जानी है, यही आत्मा का १०० प्रतीशत: सच्चा अनुभव है उसका नाम ''दर्शन'' है।

ज्ञान दर्शन चारित्रनी शुद्धता रे...
एकपणे अने अविरत रे...

अब यह ज्ञान दर्शन समझ में आ जाये अथवा इतना सब न होता हो तो मुझे किसी भी तरीके से आत्मा का आंशिक अनुभव हो जाये और अनुभव नहीं तो सिर्फ प्रतिती मिल जाए, तो मेरा यह मनुष्यभव अवश्य सफल हुआ है। ऐसी लगन अगर बराबर लग जाए तो ज्ञान और दर्शन का अर्थ समझ में आ जायेगा और अंतरंग में अंकित हो जायेगा कि यह ज्ञान है और यह दर्शन है। फिर चारित्र सहजता से प्रकट होगा कि मैं चेतन हूँ, और ब्रह्मांड के अन्य सब पदार्थ जड़ हैं और धर्म से तथा गुण से दोनो पदार्थ अत्यंत, अत्यंत भिन्न हैं। किसी भी परिस्थिति में चेतन जड़ नहीं हो सकता, जड़ चेतन नहीं हो सकता। अनादिकाल से इस बात का अनुभव हम सब को है, समझ में नहीं है, वह बात अलग है। जब इस प्रकार से ज्ञान - दर्शन और चारित्र यथार्थ समझ में आ जाये, तो उसी अनुरुप हमारा वर्तन हो जाता है, जैसा कि अभी कहा। ये जो सिद्धांत है वह अविरुद्ध है, अर्थात तीनों काल में इस सिद्धांत में कोई फर्क नहीं हो सकता। तीनों काल के लिए ज्ञान - दर्शन और चारित्र, की एकता हो जाये तो यही मोक्ष का कारण है। अनंत चौबीसी जो हो गये हैं, ऋषभदेव भगवान से लेकर परम कृपालु देव तक और परम कृपालु देव के पश्चात भी पुरुषार्थ करके जो प्राप्त करेंगे वे इसी रीत से करेंगे ऐसा कहें कि ज्ञान - दर्शन - चारित्र को यथार्थ रीती से जिसने पहचाना है और उसके कारण इस ब्रह्मांड के सभी जड़ पदार्थो से न्यारा ऐसा ''मैं आत्मा हूँ'', इनमें से कुछ भी मेरा नहीं, कुछ कहते कुछ भी मेरे नहीं; ऐसा लक्ष्य होते ही आत्मा का वैभव कहें अथवा रिद्धि-सिद्धीयाँ जैसे जैसे प्रकट होती हैं फिर संसार एकदम तुच्छ लगता है, इच्छा मात्र नहीं रहती। तो ज्ञान - दर्शन - चारित्र की एकता कहें, वो अनादि काल से आज तक और आज के बाद अनंतकाल तक, इसमें कुछ भी

किसी भी परिस्थिति में चेतन जड़ नहीं हो सकता, जड़ चेतन नहीं हो सकता।

जिन्होंने आत्मा का अनुभव किया है और उँची दशा प्राप्त की है, उस पुरुष को बुद्ध कह सकते हैं ।

बदलाव नहीं हो सकता। ऐसे इस ज्ञान - दर्शन - चारित्र को समझना है।

''एकपणे अने अविरुद्ध ।
जिन मारग ते परमार्थ थी रे,
एम कह्युं सिद्धांते बुद्ध ..... मूळ मारग''

अब यह जो आपको उपर कहा ज्ञान - दर्शन - चारित्र; तो जिनदर्शन का आशय सिर्फ इतना ही आपको समझाना है। ज्ञान किसे कहें दर्शन अर्थात समकित किसे कहें, और चारित्र अर्थात वर्तन किसे कहें। उसे समझने के लिए जिनेश्वर भगवान ने यह कहा है। फिर उसके बाद कहते हैं:

''एम कह्युं सिद्धांते बुद्ध।''

यहाँ जब 'बुद्ध' कहते हैं तब उसका अर्थ यह होता है कि अपने अनुभव से जो जाना है, उसे 'बुद्ध' कह सकते हैं। जिन्होंने आत्मा का अनुभव किया है और उँची दशा प्राप्त की है, उस पुरुष को बुद्ध कह सकते हैं, अन्य को नहीं। फिर कहते हैं 'सिद्धांते बुद्ध' अर्थात संपूर्ण मोक्ष का मार्ग जैसा है वैसा ही, उनके जो भी सिद्धांत है, वे सिद्धांत जिन्होने अनुभव करके यथार्थ रुप से बराबर समझे हैं, ऐसे पुरुष ने यह ज्ञान-दर्शन-चारित्र की एकता कही है। 'अविरुद्ध' अर्थात अनंतकाल से आजतक, आज के बाद, अनंतकाल तक ये रहेंगे। तो अभी तक जो कुछ भी कहा गया है, जिसने कहा है, ये अपने अनुभव से जो कुछ भी जाना है, वही यहाँ कहा है अर्थात,

जिनमारग ते परमार्थ थी रे,
एम कह्युं सिद्धांते बुद्ध रे...

जिन्होंने आत्मा का पूर्ण रीत से अनुभव किया हुआ है, आत्मा की अंतिम दशा जिन्होंने अपने अनुभव से जानी है, ऐसे सर्वज्ञदेव कहें; उनके आश्रय में अनेक लोग इस मार्ग को समझें और प्राप्त करें उसी प्रयोजन, इसी हेतु से यह कहा है। क्या? तो यह कि ''ज्ञान-दर्शन-चारित्र की एकता, ते एकपणे अने अविरुद्ध'' इस सिद्धांत में तीनो काल में कभी भी फर्क नहीं हो सकता।

''लिंग अने भेदो जे व्रतना रे,
द्रव्य देश काळादी भेद, मूळ..
पण ज्ञानादिनी जे सुद्धता रे,
ते तो त्रणे काळे अभेद... मूळ..''

आज हम देखते हैं कि जैनों में बहुत ही अलग अलग समुदाय (शाखाएँ) है। परम कृपालुदेव ने लिखा है कि करीब करीब (९६) जितनी जैनों की अलग अलग शाखाएँ है (समुदाय) है। अब इन शाखाओं में भिन्नता कहाँ हैं? कोई कहता है मुहपती चार ईंच लंबी, तीन इंच चौड़ी, ऐसी होनी चाहिए। दूसरे कहते हैं कि तीन इंच लंबी, चार इंच चौड़ी होनी चाहिए। ऐसी छोटी-छेटी बातों में अलग अलग पंथ हो गये है।

क्रमशः

ॐ शांतिः शांतिः शांतिः

नोंध : पूज्यश्री के मूल मार्ग रहस्य के विवेचन का यह संक्षिप्त स्वरूप अनन्य परिवर्तन के संपादक विभाग द्वारा लिखा गया है।

Vachanamrut Letter 37

In the previous issue, we saw that constantly being engaged in worldly thoughts we always like to impress others to show how good we are which has harmed us instead of benefitting us. The most important reason for this transmigratory cycle is negativities like pride, anger, deceit, greed etc. and since ages the soul has been behaving in a manner leading to karm bondage. Even if one birth is spent for the upliftment of soul, it will recompense for infinite lifetimes.

Regardless of what the world says, if the soul is being free of its shackles and is attaining samadhi, that should be done. This will lead to freedom from fame or infamy forever.

Whatever the world, i.e. others may say about us, it should not bother us if the soul which is bound with karmas is getting free and attaining to a tranquil state of samadhi. Why get deluded by this world? When we are trying to understand the principles of self-realization under the guidance of a self-realized Gyani who has almost reached the ultimate state of Kevalgyan and if are moving towards liberation, then should we get bothered of what ignorant ones say? We ought to realize the soul. We are able to receive praises for what we do in this world, but if we receive criticism, we are unable to bear it and become unhappy, sad and try to resist and show that we are not like what others are saying. In both situations, while being praised or criticised, we should remain equipoised.

It should be borne in mind and within the heart that Param Krupaludev is advising us directly but if it is thought that HE is telling this to some third person, the secret of the path will never be understood.

I am aware of the opinions which they hold for me presently, however, it is best not to pay any heed.

Param Krupaludev is just 21 years old and possesses Matigyan, Shrutgyan, Avadhigyan and Manahparyavgyan and the scriptures of Lord Mahavir are vivid in his memory. HE was racing towards Kevalgyan. At that time, several munis and acharyas were highly critical of HIM. Therefore, HE says, I am aware of opinions they hold for me and that it is best to forget them. HE urges Juthabhai to remain calm. If Juthabhai

What the world, i.e. others may say about us should not bother us, if the soul, which is bound with karmas, is getting free and attaining to a tranquil state of Samadhi.

An aspiring soul strongly desiring to be free would only think that self-realization is not possible without the guidance of a self-realized soul and is always on the lookout for such a One.

would argue that Param Krupaludev is a Mahagyani, it would lead to controversies. Param Krupaludev during HIS entire lifetime had taken great care that HE is not recognized as a Mahagyani but when you read HIS Letters and answers to queries of aspirants, it is realized that HE was a highly evolved soul and could explain profound truths in a precise manner. When you have immense faith in HIM and Pujyashri and someone talks lowly about them, at that time, the only response ought to be "I don't believe what you say" rather than entering a discussion with such people to prove otherwise. An aspiring soul strongly desiring to be free would only think that self-realization is not possible without the guidance of a self-realized soul and is always on the lookout for such a One.

When I saw Param Krupaludev's idol at Devlali, from the depths of my heart, I felt you are the One I was looking out for and started my spiritual journey. There were many at that time who were giving discourses on the "Vachanamrut" but I felt, I would be knowing Param Krupaludev from their perspective. To really know HIM, I ought to know HIM only through HIM. Sobhagbhai, Juthabhai, Ambalalbhai and Munishri would have also felt likewise and would have thought self-realization can be attained only through a self-realized soul. Param Krupaludev can be known and recognized through HIS Vachanamrut.

Be fearless. Whatever someone may say about me, just listen and remain quiet; do not harbour any likes or dislikes for them.

Defending your Guru is not right. Also when you don't defend, the opposite person will think you agree with his views. Therefore, just one sentence is sufficient, "I am not in agreement with your belief", no need to prove that HE is a gyani etc. and harbour dislike or like for that person. Depending on karmas and ages old samskaras, a jiv can say anything.

The One for whom you have immense attachment, reveres the Parmatma Jin, reminisce the Great Yogi Parshwanath and others.

The One towards whom you have deep love and attachment, HE reveres the Paramatma Jin. [Although Param Krupaludev's Guru was Lord Mahavir, HE uses the expression "Jin" (i.e. the one who has rid himself of raag-dvesh) in a broader sense of the eternal philosophy.] Whosoever follows this philosophy will become a Jin. To Juthabhai, HE advises to reminisce Tirthankar, Lord Parshwanath.

Aum Shanti: Shanti: Shanti:

To be continued.

Note: This edited version of Param Pujya Premacharyji's Discourse is done by the Editorial Team of Ananya Parivartan.

કુમાર કાળ(૨)

ગઈ વેળા આપણે જોયું કે કુમાર કાળથી જ શ્રીમદ્‌માં ઊંડા, તીક્ષ્ણ અને આધ્યાત્મલક્ષી વિચાર મંથને જોર પકડ્યુ હતું. મોટે ભાગે યુવાનો આ ઉંમરે રમત-ગમત અથવા પોતાની કારકીર્દિ ઘડવાના પ્રયાસોમાં પડ્યા હોય છે, પણ શ્રીમદની વાત નિરાળી હતી. નાની ઉંમરે તેમણે દાર્શનિક ગ્રંથો વાંચ્યા અને ધર્મજ્ઞાન મૂળ ગ્રંથોમાંથી ગ્રહણ કર્યું. તદ્‌ઉપરાંત મોક્ષમાળા ! ભાવનાબોધ ! અને અન્ય કેટલાય લખાણો લખ્યા હતા. હવે, વચનામૃતના આધારે આપણે જોઈએ કે ૧૭-૨૦ વર્ષની ઉંમરે તેમના અંતરંગમાં કયા પ્રકારના વિચારો ચાલતા હતા.

એક વખતે વાતચીતમાં શ્રીમદ્ જણાવ્યું હતું કે, ' ''મોક્ષમાળા'' રચી તે વખતે અમારો વૈરાગ્ય ''યોગવાસિષ્ઠ''ના વૈરાગ્ય પ્રકરણમાં શ્રી રામચંદ્રજીનો વૈરાગ્ય વર્ણવેલો તેવો હતો, તે એટલા સુધી કે અમે ખાધું છે કે નહીં તેની અમને સ્મૃતી રહેતી નહીં . આમ એક બાજુ ભર જુવાનીમાં પગ મુકવાની ઉંમર અને બીજી બાજુ અંતરંગમાં ઝળહળતો વૈરાગ્ય, બાહ્ય જીવન અને અંતરંગ જીવન વચ્ચે કેવી કશમકશ !

૧૭ વર્ષ પૂર્વે તેમણે ''પુષ્પમાળા'' રચી હતી. માળાના ૧૦૮ મણકાની જેમ મોક્ષમાળામાં ૧૦૮ પાઠો છે તેમ જ પુષ્પમાળામાં પણ ૧૦૮ નાના નાના વચનો છે જેમાં નિતી, સ્વ - અનુશાસન, ત્યાગ, વૈરાગ્ય અને તત્વ વિચારણા માટે ભરપુર સામગ્રી છે. દરરોજ એક એક વચન વિચારણા માટે લઈએ તો પણ સમય ઓછો પડે એવા નાના પણ ઊંડા રહસ્યોથી ભરેલા આ પુષ્પમાળાના વચનો છે. હર એક વચનની પોતાની મહત્તા છે, પણ અહીં અમુક જ વચનોનો ઉલ્લેખ કરીએ છીએ જેના આધારે શ્રીમદ્ પરમ કૃપાળુ દેવની અંતરંગ દશા સમજવામાં આપણને મદદરૂપ થાય અને પુરુષાર્થની પ્રેરણા આપે.

(૨) જો તું સ્વતંત્ર હોય તો સંસાર સમાગમે તારા આજના દિવસના નીચે પ્રમાણે ભાગ પાડઃ-

(૧) ૧ પ્રહર - ભક્તિ કર્તવ્ય
(૨) ૧ પ્રહર - ધર્મકર્તવ્ય
(૩) ૧ પ્રહર - આહાર પ્રયોજન
(૪) ૧ પ્રહર - વિદ્યા પ્રયોજન
(૫) ૨ પ્રહર - નિદ્રા
(૬) ૨ પ્રહર - સંસાર પ્રયોજન

દરેક જીવ પાસે સરખોજ સમય છે - ૨૪ કલાક અને તેનો ઉપયોગ કઈ રીતે થાય છે એ જીવના પોતાના ઉપર આધાર રાખે છે. શ્રીમદ્ આપણને ભાણું પીરસીને આપ્યું છે, આપણે ફક્ત ખાવાનું છે. આજે ટાઈમ મેનેજમેન્ટ ઉપર વર્કશોપ્સ, સેમિનારો વિગેરે પ્રચલિત છે પણ શ્રીમદ્ જણાવેલ આ પ્લાનીંગ પ્રમાણે જો ચાલીએ તો જીવનમાં એક નવીનતા, રંગીનતા અને ઉત્સાહ જરૂર આવી શકે.

જેઓ સંસાર પ્રયોજનમાં જ રત છે તેઓ માટે શ્રીમદ્ આ પ્રશ્નો પૂછે છે...

(૯) જો તને ધર્મનું અસ્તિત્વ અનુકુળ ન આવતું હોય તો નીચે કહું છું તે વિચારી જજેઃ-

(૧) તું જે સ્થિતિ ભોગવે છે તે શા પ્રમાણથી ?

(૨) આવતી કાલની વાત શા માટે જાણી શકતો નથી ?

(૩) તું જે ઈચ્છે છે તે શા માટે મળતું નથી ?

(૪) ચિત્ર વિચિત્રતાનું પ્રયોજન શું છે ?

(૧૫) તું ગમે તે ધર્મ માનતો હો તેનો મને પક્ષપાત નથી, માત્ર કહેવાનું તાત્પર્ય કે જે રાહથી સંસાર મળ નાશ થાય તે ભક્તિ, તે ધર્મ અને તે સદાચારને તું સેવજે.

અહીં ન કેવળ તેઓશ્રીનો વૈરાગ્ય, પરિભ્રમણ ટાળવાની ઉત્કૃષ્ટ ભાવના, સર્વ ધર્મ પ્રત્યેનો આદર, સમ્યકદ્રષ્ટિ દેખાય છે પરંતુ પુરુષાર્થનો લક્ષ, દિશા તથા રીત પણ સમાવેલી દેખાય છે. સત્પુરુષની ભક્તિથી ''ધર્મ'' એટલે આત્મલક્ષ અને સદાચાર એટલે આચરણ. આમ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની સમજણ કેવા સરળ શબ્દોમાં મળે છે!

હવે જોઈએ ૧૨૫માંના એકાદ બે **''બોધવચન''** જે ખૂબ જ નાના છે પણ તત્વથી લથબથ અને પુરુષાર્થ પ્રેરક છે. પરમ કૃપાળુ દેવનો ક્ષયોપક્ષમ તે ઉંમરે કેવો અદ્‌ભુત છે! એઓશ્રીની અંતરંગ દશા તે ઉંમરે કેવી ઉચ્ચ છે એ વિચારીએ તો તેમના પ્રત્યે અહોભાવ, નમસ્કાર ભાવ અને ભક્તિ સિવાય બીજું કંઈ પણ આપણને લાગ્યા વિના રહેશે નહીં. આજના ઝડપી ટેક્નોલોજી યુક્ત યુગમાં પણ મોસ્ટ પ્રેક્ટીકલી કઈ રીતે આગળ વધવું તેની ટીપ્સ અહીં જોવા મળે છે. પરમ કૃપાળુ દેવની દીર્ઘ દ્રષ્ટિ પણ કેવી અદ્‌ભુત!

(૮) મત મતાંતરમાં પડવું નહીં.

(૩૨) પુદ્‌ગલની હાનિવૃદ્ધિ ઉપર ખેદ ખિન્ન કે રાજી થવું નહીં.

(૪૫) બહાર લડો છો તે કરતાં અભ્યંતર મહારાજાને હરાવો

(૬૨) જેમ બને તેમ ત્વરાથી પ્રમાદ તજો.

(૭૬) વ્યવહારિક કામથી જે વખત મુક્ત થાઓ તે વખતે એકાંતમાં જઈ આત્મદશા વિચારજો.

આમાં દિક્ષા કે નિવૃત્તિ લેવાની વાત નથી પણ રોજિંદા જીવનમાં સમયને વેડફી નાખવા કરતાં, તત્વ વિચારણામાં સમય ગાળવાની વાત છે. આજના ઝડપી જીવન માટે આ એક ખૂબ જ મહત્વની વાત છે.

''પ્રશ્નોત્તર''માં પરમ કૃપાળુ દેવે ૨૨ પ્રશ્નો વિચારી તેના ટૂંકમાં જવાબો આપ્યા છે. છઠ્ઠો પ્રશ્ન છે - ''સદા યૌવનવંત કોણ?'' અને જવાબ છે ''તૃષ્ણા (લોભદશા)'' એકેક પ્રશ્ન અને જવાબ ખૂબ ખૂબ વિચારવા, મનન લાયક છે.

રત્નકરંડ શ્રાવકાચારની પ્રથમ ત્રણ અનુપ્રેક્ષાનો અનુવાદ **''દ્વાદશાનુપ્રેક્ષા''માં** જોવા મળે છે. અનુવાદ માટે ભાષા ઉપર પ્રભુત્વ અને અદમ્ય ક્ષયોપશમ, ખાસ કરીને આધ્યાત્મ વિષયમાં હોય તો વાંચનારને સ્પર્શે. પરમ કૃપાળુ દેવે નાની ઉંમરે આ અનુવાદનું કાર્ય કર્યું છે. આ ઉપરથી એમના અંતરમાં ચાલી રહેલ ભાવોનો અંદાજો આપણે કરી શકીએ છીએ. તેમની અંતરંગ સ્થિતિની સરખામણી આપણી પોતાની ૧૭-૧૮ વર્ષની ઉંમરની સ્થિતિ સાથે કરીશું ત્યારે આપણી અલ્પજ્ઞાતા અને તેઓશ્રીની મહત્તા દેખાયા વિના નહીં રહે.

૨૦ મે વર્ષે શતાવધાની તરીકેની ખ્યાતિ તેમને મળી ચૂકી છે અને ૭૦૦ વચનોની **''મહાનીતિ''**ની તેઓ રચના કરે છે. નીતિ અને સદાચારથી જીવન જીવવા કેવો ઉચ્ચ આદર્શ આ વચનોમાં ઝળહળે છે! મહાનીતિના વચનોમાંથી હૃદય સ્પર્શી વચનોને આચરણમાં મૂકવાનો પુરુષાર્થ કરવા લાયક છે. ફરીથી તેમના જ્ઞાન, ક્ષયોપશમ અને અંતર દશાને નમસ્કાર! **''વચનામૃત''**ના નાના નાના વચનો પણ પ્રેરણાદાયી છે.

''જીવ તત્વ સંબંધી વિચાર'' અને **''જીવાજીવ વિભક્તિ''**માં તત્વની વાતો અને સિદ્ધાંતો સાદી, સરળ ભાષામાં જોવા મળે છે.

પરમ કૃપાળુ દેવના પત્રાંક ૧૬૬માં પ્રથમ એક પ્રશ્ન છે, **''સત્પુરુષના એકેક વાક્યમાં એકેક શબ્દમાં અનંત આગમ રહ્યા છે, એ વાત કેમ હશે?''** મહાનીતિ કે પ્રશ્નોત્તરમાંથી કોઈપણ એક વચન લઈ જીવ જો વિચારે, ઊંડું ચિંતવન કરે તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત, રહસ્યો અનુભવી શકે તેવું સામર્થ્ય, કૌવત તેમાં છે.

આમ કુમાર વયે પરમ કૃપાળુદેવ આધ્યાત્મિક સાગરમાં ખૂબ જ ઊંડા ઉતરી ગયેલ. **''ઓગણીસેં ને બેતાલીસે, અદ્‌ભુત વૈરાગ્ય ધાર રે...''** એક તરફ અવધાની, જ્યોતિષી તરીકેની ખ્યાતિ અને બીજી તરફ અંતરના ઊંડાણો માં તરવું. કેવી દશા! ◆

સત્પુરૂષની કૃપાદ્રષ્ટિ



■ રૂપા ગુપ્તા

ધ્યાનમૂલં ગુરુ મૂર્તિ, પૂજા મૂલં ગુરુપદં,
મંત્ર મૂલં ગુરુવાક્યં, મોક્ષ મૂલં ગુરુ કૃપા.

પૂજ્યશ્રીના અપૂર્વ પ્રેમમાં ૨૨ વર્ષ પહેલા ખેંચાઈ, સત્‌ધર્મની પ્રાપ્તિની શરૂઆત થઈ અને આજે પણ એ અપૂર્વ પ્રેમ, અપરંપાર નિષ્કારણ કરૂણા, અનંત અનંત ઉપકાર, નિઃસ્પૃહતા, અત્યંત પ્રભૂતા હોવા છતાં લઘુતા આ બધા એમના આત્માના ગુણો મને નીરંતર વેદાય છે અને હું એમના પ્રેમમાં ભીંજાઉં છું.

સત્‌ગુરુ તુમ્હારે પ્યાર ને જીના સીખા દીયા...

મારા જીવનમાં સાચો પલટો લાવનાર પરમ પૂજ્ય શ્રી પ્રેમાચાર્યજી જ છે. અહીં આશ્રમમાં તમારા ચરમ સમીપનો વાસ, આ મહત મહત પૂણ્યનો ઉદય, ઓ પ્રભુ ! તમારી અપરંપાર નિષ્કારણ કરૂણાથી જ સંભવીત થયું છે જે હું નિરંતર વેદી રહી છું. સંસારના ગમે તેવા વૈભવ કરતાં સત્ સુખ અનંત ગણું વધારે છે એ અનુભવાય છે. આયૂષ્ય અનિશ્ચિત છે અને મને મળ્યા છે સત્‌ગુરુ જેમનો આધાર સુખની ખાણ છે.

અહો અહો ! શ્રી સતગુરુ ! કરૂણાસીંધુ અપાર,
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.

મારા પર પરમ ઉપકાર કરી આપના અમૃત તુલ્ય વચનોથી વીતરાગ ધર્મમાં દ્રઢ શ્રદ્ધા કરાવી, સતત માર્ગદર્શન આપ્યું. ભયંકર એવા પાપ કર્મથી છોડાવી અક્ષમ્ય એવી ભૂલોની ક્ષમા આપી, સત્સંગનું અપૂર્વ મહાત્મ્ય સમજાવ્યું. પ્રેરણા બળનું દાન કરી આત્મદશા આગળ વધારવાની તીવ્ર જીજ્ઞાસા જગાવી તે અનંત ઉપકાર માટે હું આપને અત્યંત અત્યંત પ્રેમ ભક્તિથી નમસ્કાર કરું છું, વંદન કરું છું અને પ્રણામ કરું છું.

પંચમ કાળે તું મળ્યો, આત્મ રત્નદાતાર,
કારજ સાર્યા મ્હારા, ભવ્ય જીવ હીતકાર।।

લગ્ન પહેલાં હું જમશેદપુર અને પછી ૨૬ વર્ષ દિલ્હીમાં જ હતી. છેલ્લા ૪ વર્ષથી હું ભયંકર એવા પ્રોપર્ટીના કેસમાં ઘેરાયેલી હતી. સુપ્રીમ કોર્ટ, દિલ્હી હાઈ કોર્ટ, ક્રિમીનલ કોર્ટ, ડિસ્ટ્રીક્ટ કોર્ટના કેસ એટલા બધા કોમ્પ્લીકેટેડ હતા કે ઘણીવાર નીરાશ થઈ જતી હતી. એવું થતું કે આ મનુષ્ય જીવનનું અત્યંત દુર્લભપણું છે અને મારો સમય કોર્ટ કેસમાં વ્યતીત થાય છે, હું ક્યારે છુટીશ ? ?

પૂજ્યશ્રીના માર્ગદર્શનથી આ ભવ અને પૂર્વ ભવમાં

કરેલી ભુલોની અત્યંત ક્ષમાપના અને પશ્ચાતાપ કરતી હતી. મારો એક જ લક્ષ હતો કે આ કર્મથી છૂટી થાઊં તો પછી બાકીનું જીવન એમના ચરણ સમીપ રહી આત્માર્થે આગળ વધવામાં જ વ્યતીત કરવું છે. મારે મારા આશ્રમમાં સેવા કરવી છે.

પૂજ્યશ્રીની અસીમ કૃપાથી ઓક્ટોબર ૨૦૧૮માં ૪૮ કલાકની અંદર પુત્રો સાથે સેટલમેન્ટ થઈ ગયું, બધાજ કોર્ટ કેસ વિડ્રો થઈ ગયા. પ્રોપર્ટી માટેનો બાયર વીથ ફુલ ચેક પેમેન્ટ સાથે ૨૪ કલાકમાં મળી ગયો. રજીસ્ટ્રી પણ થઈ ગઈ અને પછીના ૮ દિવસમાં હું આશ્રમમાં રહેવા આવી ગઈ. જે અસંભવીત જેવું લાગતું હતું એ કામ સતગુરુની કૃપાથી જ સંભવીત થઈ ગયું. પર્લી આશ્રમ તીર્થ ક્ષેત્ર અને નિવૃત્તી ક્ષેત્ર તો છે જ, પણ ૨૪ X ૭ મળતી પરમાર્થે પ્રેરણા, અત્યંત જાગૃતી, શીબીરો, બધા સાથે મીઠો, સાચા પ્રેમનો અનુભવ, પૂજ્યશ્રી પ્રેમાચાર્યજીના સતસમાગમનો દિવ્ય લાભ, પૂજ્ય નિલેશભાઈની અત્યંત કરૂણા અને પ્રેમ, બધાજ મુમુક્ષુઓ સાથે પરમાર્થ મૈત્રીથી હું બંધાઈ ગઈ છું,

હું માર્ગમાં કેવી રીતે આવી ?

મારા મમ્મીની (કુસમબેન કામાણી) માત્ર ૩૮ વર્ષની નાની વયે મારા પિતાજીનું અવસાન થતાં તેઓ ખૂબ ભાંગી પડ્યા હતા. ત્યારે પરમ પૂજ્યશ્રીની ઓળખાણ થઈ. એમની પ્રેરણા અને અસીમ કૃપાથી મારા મમ્મીનું complete transformation થયું, from houeswife to most successful business woman. એ સમય દરમિયાન હું મિથ્યાત્વમાં હતી અને સંસારના મોહ અને મેટ્રીલેટીવ એટ્રેક્શનથી ઘેરાયેલી હતી, ત્યારે પરમ પૂજ્ય પપ્પાજી અને પૂજ્ય મમ્મીજીના પરિચયમાં આવી.

સાક્ષાત સજીવન મૂર્તિ અને પરમ ઉપકારી પૂજ્ય રમા મમ્મીજીના અપૂર્વ પ્રેમથી ખૂબજ આકર્ષિત થઈ, કારણકે આવો પ્રેમ, દયાનો મેં ક્યારેય અનુભવ નહોતો કર્યો. ૧૯૯૬માં મારા જીવનમાં જ્યારે એક એવો પ્રોબ્લેમ આવ્યો કે જેમાંથી છુટવું અનિવાર્ય હતું ત્યારે મને છોડાવનાર પૂજ્યશ્રી જ હતા. ત્યારે મારા આત્મામાં સત્‌ની તાલાવેલી જાગી અને અંતરથી અત્યંત દ્રઢ શ્રદ્ધા અને સ્વીકાર ભાવ થયો કે મારા માટે પૂજ્યશ્રી જ અત્યંત સામર્થ્યવાન સતગુરુ છે. અદ્‌ભુત પ્રતીતિઓ એક પછી એક મળતી ગઈ. એમની વચન અતિશયતા તો અનુભવ સત્ય છે, જે કહે છે એમજ થાય છે. મંત્ર આરાધનની પ્રતીતિઓ, ૬ મહિનામાં ૩ વખત મંત્ર બદલ્યો. એમની અસીમ કૃપાથી શ્રી આત્મસિધ્ધી શાસ્ત્રની ગાથાઓ મુખપાઠ થઈ ગઈ. પૂજ્યશ્રીના હાથે બોધમૃત ભાગ-૩ મળ્યો. પ્રથમ પાનું વાંચતા જ મારા ભાવ પરિણામમાં ફરક આવવા લાગ્યો. બોધામૃતનું વાંચન શરૂ કર્યું ત્યારે ઈંગ્લીશ મીડીયમમાં ભણેલી મને ગુજરાતી ભાષા લખતા વાંચતા આવડતી ન હતી પણ એમની આજ્ઞાનું આરાધન કરતા એ બધું શીખી ગઈ. મારી બેકલાક રોજ દિલ્હીમાં શોપીંગ કરવા જવાની ટેવ ક્યારે છુટી ગઈ એ ખબર જ ન પડી. સાથે સાથે મારા જીવનમાં પ્રભુના અપુર્વ પ્રેમનું વેદન નીરંતર ચાલતું જ હતું.

પ્રભુ ! હું દોષોથી ભરેલી છું, પણ જેવી છું હું તમારી છું. મારા સર્વ અપરાધ માફ થઈ હું એ સર્વ પાપ દોષોથી મુક્ત થાઉં એજ મારી અભિલાષા છે. ''બાંહ્ય ગ્રહી પ્રભુ ! શરણે રાખો, પાપ પ્રખાળો મારા રે !''


મારે તમારી સર્વ આજ્ઞાઓ શીરોમાન્ય છે. પ્રત્યેક આજ્ઞાનું આરાધન, આપના જ આશયથી સમજીને કરીશ જ. મને પ્રભુ ! નિરંતર તમારા ધ્યાનમાં જ રાખજો. પ્રભુ મારી સાથે રહેજો, નિરંતર મારી સાથે રહેજો, પ્રભુ સંભાળ લેજો. મારે મન તમારો જ આધાર છે, હું નિરંતર તમારી કૃપા દ્રષ્ટિને ઈચ્છું છું, કૃપા કરી મુજ ઉપરે, રાખો ચરણ મોજાર.

પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માંગુ એજ,
સતગુરુ સંત સ્વરૂપ તુજ, એ દ્રઢતા કરી દે જ. ◆

श्री चंडरुद्राचार्य

शाम के समय मौज - मस्ती करने निकले युवा मित्र मुनि चंडरुद्राचार्य के उपाश्रय में आ पहुँचे। इस स्थानक (उपाश्रय) में वृद्ध और कोधी श्री चंडरुद्राचार्य बिराजमान थे। मस्ती के mood में ये युवा वर्ग को वयोवृद्ध साधु का मजाक करने को सूझा। इन मस्तीखोर युवाओं में एक युवक जिसकी शादी होने वाली थी, उस युवक को आगे करके वृद्ध साधु महाराज को मजाक करते हुए कहा, ''महाराज इस युवक को बचा लो। इसको शादी करने की किंचित मात्र इच्छा नहीं फिर भी जबरदस्ती शादी करवाने में आ रही है। आप तो दयावान हो, यदि आप करुणा कर के इसे दीक्षा दे तो, इसके सभी दु:खो का अंत आ जायेगा। आपका बहुत बड़ा उपकार होगा।''

पहले तो वृद्ध महाराज ने इन युवाओं की तरफ लक्ष्य नहीं दिया। इससे इन युवाओं को ज्यादा जोश आया। उन्होंने फिर से शादी होने वाले युवक के लिये विनंती की कि युवान को संसार से छुटकारा मिले ऐसा करो। श्री चंडरुद्राचार्य स्वभाव से अत्यंत क्रोधी होने के कारण वे चंडरुद्राचार्य के नाम से जाने जाते थे। युवकों के बहुत ही ज्यादा मजाक करने पर वृद्ध मुनिराज ने गुस्सा हो कर उस युवक से



पूछा तुझे दीक्षा लेनी है ना? तो तुझे दीक्षा देता हूँ। जिसकी शादी होने वाली थी वो युवक तो अभी भी मजाक के मिजाज़ में था। उसने वृद्ध मुनिराज से कहा, हाँ महाराज, मुझे दीक्षा दो। मुझे किसी भी प्रकार से इस संसार के मार्ग को त्याग कर संयम का मार्ग ग्रहण करना है।

श्री चंडरुद्राचार्य को बहुत ही गुस्सा आ गया। उन्होंने उस युवक को पकड़ कर उसके बालों का लोच करना शुरु कर दिया। यह दृश्य देख कर दूसरे युवा मित्र तो भागे और वह युवक जिसकी शादी होने वाली थी वो एक कदम भी पीछे नहीं हटा। उसने चंडरुद्राचार्य से विनंती करी, ''महाराज मेरे स्नेहीजन अभी आ जायेंगे। वो लोग आयें उससे पहले हम विहार कर के यहाँ से निकल जाते हैं।''

वृद्धावस्था के कारण चंडरुद्राचार्य मुनि ने गच्छ की सारी जिम्मेदारी पहले से ही अपने शिष्य को सोंप दी थी। उन्होंने केवल आत्मसाधना की स्थिति स्वीकारी थी। ऐसे मुनिराज को विहार कैसे करवाया जाये।

वृद्ध मुनिराज को कंधे पर बिठाकर युवान शिष्य चलने लगा। मार्ग अति दुर्गम और ऊबड़ खाबड़ था और कांटों से भरा हुआ था। शिष्य का पैर जरा - सा भी फिसले अथवा धक्का लगे तो गुरु को बहुत ही गुस्सा आता। शिष्य के पैर घावों के कारण खून से लथबथ हो गये थे और गुरु कंधे पर बैठकर निरंतर उसे टोकते थे। ऐसे में गड्ढे में पैर आ जाने के कारण शिष्य लड़खाड़ाया और कंधे पर बैठे गुरु ड़गमगा गये। गुरु के क्रोध का ज्वालामुखी फटा और उन्होंने ज़ोर से शिष्य के माथे पर दंड प्रहार किया। ऐसी खराब परिस्थिति शिष्य की थी फिर भी शिष्य को ऐसा विचार आता है कि मेरे कारण गुरु को कितना श्रम और परेशानी भोगनी पड़ रही है। ऐसे पश्चाताप के कारण शिष्य की भाव परिणती विशुद्ध होती गयी और शिष्य को केवलज्ञान की प्राप्ति हुई। तब गुरु ने कहा, ''पहले बराबर नहीं चल रहा था तो अब कैसे बराबर चलने लगा? इतने अंधकार में तुझे कैसे सब ठीक से दिख रहा है?''

शिष्य ने कहा, ''ज्ञानबल से प्रभु'' यह सुनते ही गुरु शिष्य के कंधों पर से नीचे उतर गये। केवलज्ञान को प्राप्त शिष्य के पैरों में गिर कर क्षमायाचना करी। पश्चाताप में डूबे गुरु ने उसी क्षण केवलज्ञान प्राप्त किया।

गुरु सेवा की अनोखी भावना प्रकट होती है श्री चंडरुद्राचार्य के चरित्र में। अपार कष्ट आये, अनंत दु:ख सहने पड़े परंतु गुरु भक्ति कैसी होनी चाहिये इसका मार्मिक दर्शन चंडरुद्राचार्य के शिष्य की अग्नि परीक्षा में देखने को मिलता है। दूसरी ओर अपनी क्षति का ज्ञात होते ही गुरु चंडरुद्राचार्य का विनय प्रकट होता है। पश्चाताप की पावन गंगा से वे पवित्र हो जाते हैं और स्वयं अपने शिष्य के पास विनीतभाव से क्षमायाचना करते हैं।

(धर्म स्नेह सौजन्य)



Q દેહ જડ છે. તે પોતાની મેળે કોઈ કાર્ય કરી શકતું નથી અને ચેતનનું કાર્ય છે જોવું અને જાણવું. તો તે બન્ને વચ્ચે એવું તે શું છે કે ચેતનનાં ઈશારે જડ કામ કરે ?

ઉત્તરઃ ચેતનનું કામ જોવું અને જાણવું એટલું જ નથી, ચેતનનો એક ગુણ એને ચેતના પણ કહેવાય છે. ચેતનાની અંદર બધા પ્રકારની મુવમેન્ટ આવી જાય છે. કોઈ બહુ બિમાર હોય, કોમામાં હોય અને પછી ક્યારેક આંખ ખોલે અથવા જરા હાથની મુવમેન્ટ દેખાય તો તરત જ આપણે કહીએ છીએ જીવ આવી ગયો, ચેતના આવી ગઈ. એટલે ખાલી જોવું અને જાણવું એટલો જ આત્માનો ગુણ નથી, બીજા અનંતા ગુણો આત્મામાં છે.

આત્માને સમજવા માટે તમે ઈલેક્ટ્રીસીટીનું ઉદાહરણ સમજો. શરીરની અંદર મન, ચિત્ત, બુદ્ધિ, અહંકાર, પાંચ ઈન્દ્રિયો એ બધા જ યંત્રો અથવા મશીન છે. જ્યારે જેની જરૂર પડે ત્યારે આત્મા અથવા અત્યારે ઈલેક્ટ્રીસીટી કહી છે એની સ્વીચ ઓન કરીએ એટલે ત્યાં ઈલેક્ટ્રીક કરંટ પહોંચી અને એ કામ કરવાનું શરૂ કરે છે. એ પ્રમાણે આત્માની પ્રેરણાથી આ બધું થયા કરે છે.

પ્રશ્ન એમ પણ થઈ શકે કે આ બધા યંત્રો છે એ જડ છે. તો જે જડ છે એ આત્માની ઈન્સ્ટ્રકશન કેવી રીતે લઈ શકે ? એના જવાબમાં આત્માનું અત્યંત એવું સૂક્ષ્મ સ્વરૂપ સમજીએ. આ બ્રહ્માંડમાં સૌથી વધારે સૂક્ષ્મ પદાર્થ છે પરમાણું. આત્મા પરમાણુંને ઓળખી શકે, જોઈ શકે, સમજી શકે. આત્મા એટલો શાર્પ થાય અથવા સૂક્ષ્મ દ્રષ્ટિ કેળવે ત્યારે એ પરમાણુંને ઓળખી શકે. પરમાણુની અંદર અમુક એવી શક્તિ છે જે પોતાની મેળે પોઝીટીવ, નેગેટીવ થયા કરે છે. આ શરીર જડ છે. અનંતા અનંતા પરમાણુઓ, એમાંથી બનેલા ઘણા બધા સ્કંધોથી આ શરીર બનેલું છે. એનાં સુક્ષ્મ ભાગની અંદર પણ પરમાણુથી બનેલા સ્કંધો રહેલા છે. પરમાણુ અને આત્માની સૂક્ષ્મ દ્રષ્ટિની વચ્ચે કંઈક એવો સંબંધ છે કે એકબીજાને રીએક્શન આપી શકે. આનાથી વધારે કોઈ જગ્યાએ લખેલું નથી અને કોઈ સમજાવી શક્યું નથી.

Q ધ્યાન, આંખ ખુલ્લી રાખીને થાય છે એમ લાગે છે એ સાચું ધ્યાન કહેવાય ?

ઉત્તરઃ એકવાર નહીં અનેકવાર કહેવું છે કે ધ્યાન નથી જ કરવાનું. વચનામૃત અથવા જ્ઞાનીપુરુષનાં કોઈ વચનને યાદ કરી એ વચનને કેટલાં ઊંડાણથી તમે વિચારી શકો છો ! જેટલું ઊંડાણથી તમે વિચારશો તો તમારું મન થાકી જશે. મન જ્યારે થાકશે ત્યારે લગભગ કોઈ વિચાર નહીં રહે, ત્યારે ૧/૨ સેકેંડ - ૧ સેકેંડ તમારું ધ્યાન લાગી જશે અને એ વખતે જે અનુભવ થશે એ આ જિંદગીમાં કે પહેલાની જિંદગીમાં નહીં થયો હોય એવો અનુભવનો સાક્ષાત્કાર અવશ્ય થશે.

પરમ કૃપાળુ દેવે પત્રાંક ૪૧૬માં ધ્યાન માટે ૧૯ પોઈન્ટ આપ્યા છે કે ધ્યાન કરવું હોય તો આ રીતે કરવું. એ તમે વાંચીને કરવાની કોશિષ કરો. છેલ્લે લખ્યું છે કે સત્પુરુષના ચરણનાં ધ્યાનથી વધારે કોઈ ધ્યાન નથી. બીજા એક પત્રમાં લખ્યું છે કે ધ્યાન એક તરંગ છે માટે હું ધ્યાનમાં બેસું છું એવું વિચાર્યા વગર કેટલું ઊંડાણથી તમે વિચારી શકો છો, મન થાકશે તો ઓટોમેટીક ધ્યાન થઈ જ જશે અને એ જ ધ્યાન આગળ જઈને આત્મસમાધિનું કારણ બનશે.

Q પત્રાંક ૭૬નું વચન છે 'બીજું કાંઈ શોધ મા, માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વ ભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા...' આ વચન પર વિચાર કર્યા કે મને સંસારના અને પરમાર્થના કેટલા વિચાર આવે છે તો રીયલાઈઝ થયું કે નોન સ્ટોપ વિચારો ચાલે છે અને બહુ જ ઓછી વખત મારે મારા ભાવો સત્પુરુષને અર્પણ કરવાના છે એ યાદ આવે છે. તો હવે પુરુષાર્થ કેવી રીતે કરું ?

ઉત્તરઃ સવારે ઊઠો છો ત્યારથી કઈ કઈ ઈચ્છાઓ તમને થાય છે ? આખા દિવસમાં તમને જે ઈચ્છા થતી હોય કે આ હોય તો સારુ, આ ન હોય તો સારુ એવી દરેક ઈચ્છા કહીએ, સંસારનો દરેક ભાવ કહીએ એ કંઈક ને કંઈક શોધે છે. જન્મથી મરણ સુધી દર પાંચ મિનીટે કંઈક ને કંઈક શોધવાનો જ પુરુષાર્થ કરો છે. એ પુરુષાર્થ બંધ કરો તો સત્પુરુષ સામે આવીને ઊભા રહેશે. પરમ કૃપાળુ દેવે કહ્યું છે બીજું કાંઈ શોધ માં અને આપણી તો બીજું જ શોધવામાં આખી જિંદગી જાય છે. ઈચ્છાનું બીજું નામ શોધવું છે. દા.ત. સાધારણ માણસ હોય, ઘરમા ટી.વી. ન હોય તો એ ઘણા મહિના સુધી પૈસા ભેગા કરશે ત્યારે એને થશે કે હવે ટી.વી. લઈએ. પણ ત્યાં વિચાર આવશે કે ટી.વી. કરતા ઘરમાં બીજી વસ્તુની વધારે જરૂર છે. તો ટી.વી. લેવું કે બીજું જે વધારે અર્જન્ટ છે એ લેવું. હવે ટી.વી. શોધતા હતા એના બદલે બીજાનો વિચાર કરે. સંસારમાં આખી જિંદગી કંઈક ને કંઈક આપણે શોધીએ છીએ. નસીબમાં જે કંઈ છે એ તમારે શોધવાની જરૂર નથી. એ સામેથી તમારી પાસે ૧૦૦% આવવાનું જ છે.

સંસારની ઈચ્છાના ભાવ જેટલાં ઓછા કરશો તો સત્પુરુષને શોધવા નહીં પડે, એ સત્પુરુષ તમને શોધશે. દરેક સત્પુરુષ ગોતતા હોય છે કે કોઈ યોગ્ય એવી વ્યક્તિ મળી જાય તો એમની પાસે જે કાંઈ છે (અદ્‌ભુત વસ્તુ; ત્રણે લોકની અંદર સર્વોપરી સત્તા) એ કોઈ લેવા તૈયાર હોય તો તેઓ આપવા તૈયાર છે. સત્પુરુષને પણ એવા કોઈ યોગ્ય જીવ મળતા નથી. પરમ કૃપાળુ દેવ સાક્ષાત કેવળજ્ઞાની હતા તો પણ ફક્ત ચાર લોકો એમને ઓળખી શક્યા હતા. વાંચન કરો કે સત્સંગ સાંભળો ત્યારે જે વાત ક્યારેય સાંભળેલી ન હોય અથવા તમારા હૃદયને સ્પર્શ કરતી હોય કે આવું તો કરવું જોઈએ પણ હું ક્યારેય કરતો નથી કે કરતી નથી તે નોટબુકમાં લખી લેવું અને જે લખેલું હોય તે ૮-૧૫ દિવસ સુધી મનમાં બોલ્યા જ કરો તો બોધ પરિણામ પામે. ઘણા લોકો નોટ લખતા હોય એ કોઈ દિવસ બીજી વાર વાંચતા પણ ન હોય કે પોતે શું લખ્યું છે. જે લોકો સાચા જીજ્ઞાસુ છે એમને એક વચન જ્યારે પોતાના હૃદયને બે રીતે સ્પર્શે; આ હું કરું છું બહુ સારું છે, આ જ કરવા જેવું છે અને આ નથી સમજાતું આ સમજવા જેવું છે. આ બે વસ્તુ હોય તો વિકાસ જલ્દીથી થશે જ. આવો પુરુષાર્થ કરવા જેવો છે.

Q પત્રાંક ૧૨૮માં એક વચન છે, ''વળી સ્મરણ થાય છે એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતાં જીવને ઉદાસીનતા કેમ ન આવી?'' તો એ સમજવું હતું કે સ્વચ્છંદનાં વિચારથી ઉદાસીનતા કેવી રીતે આવે ?


ઉત્તરઃ પરમ કૃપાળુદેવને એ વખતે ૯૦૦ ભવનું જ્ઞાન હતું. એ જાતિસ્મૃતિ જ્ઞાનથી આટલા બધા ભવ જોયા ત્યારે એમણે જોયું કે અનાદિકાળથી અનંતવાર ક્રોધ કર્યો, માયા કરી, કપટ કર્યું; એટલે સંસારી જીવો જે રીતે વર્તતા હોય એ રીતે જ વર્ત્યા, એટલે કે જ્ઞાનીના આશ્રય કે આજ્ઞા વગર જે બધું કર્યું એનું નામ સ્વચ્છંદ. એમને આટલું જ્ઞાન પ્રાપ્ત થઈ ગયા પછી પોતાની મેળે આ બધા કષાયો વિગેરે કર્યા હોય એ આજે જ્યારે યાદ આવે છે, ત્યારે વિચાર આવે છે કે પહેલેથી કેમ સમજણ ન આવી કે આ કરવા જેવું ન હતું. આ કરવાથી આટલું પરિભ્રમણ વધી ગયું. આ પ્રમાણે સ્વચ્છંદે ન કરેલું હોત અને જ્ઞાનીના આશ્રયે કરેલું હોત તો જે કંઈ કષાયાદિનાં કારણો કહ્યાં તે ન હોત. એ બધું આજે સ્મરણમાં આવે છે એટલે થાય છે કે અત્યંત એવો વૈરાગ્ય હોવો જોઈએ એટલે કે ઉદાસીનતા હોવી જોઈએ. એવી ઉદાસીનતા શું કામ પહેલા ન આવી ? સ્વચ્છંદથી વર્ત્યા એટલે ન આવી. હવે સ્વચ્છંદ વગર અને જ્ઞાનીના આશ્રયે બધું કામ થવું જોઈએ એમ પરમ કૃપાળુ દેવ આપણને બોધ આપે છે. પોતે તો બધું પામી ગયા છે. એમના પત્ર પોતા માટે નથી, એમાંથી ઘણું બધું આપણે જાણવાનું રહ્યું. એ પત્રમાં લખેલા દોષોનો વિચાર કરી દૂર કરો. ◆



મહાવીર જન્મ કલ્યાણકની ભક્તિમય ઉજવણી

તા. ૧૭ એપ્રિલ, ૨૦૧૯ બુધવાર, ચૈત્ર સુદ તેરસના મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્ત્વ રીસર્ચ સેન્ટર દ્વારા વિશેષ ભક્તિ કાર્યક્રમનું આયોજન કાલિદાસ ઓડિટોરિયમ, મુલુંડમાં કરવામાં આવ્યું હતું જેમાં પરમ પૂજય પપ્પાજી અને પૂજય નિલેશભાઇની હાજરીથી એક અનોખો ઉત્સાહ પ્રસર્યો હતો. સંસ્થાની 'સ્પર્શ' ટીમ દ્વારા અનોખી, તત્ત્વસભર, આત્માને ડોલાવે એવી પાવન ભક્તિથી લોકો ભાવવિભોર બની ગયા હતા. સ્પર્શ ભક્તિના આ કાર્યક્રમમાં મુલુંડ પૂર્વ-પશ્ચિમના વિવિધ સંઘના પ્રતિનિધિઓ, શ્રીમદ્ રાજચંદ્રને અનુસરતા અન્ય આશ્રમોના પ્રતિનિધિઓએ સંસ્થાના આમંત્રણને માન આપી આ કાર્યક્રમમાં ઉપસ્થિતિ રહી, કાર્યક્રમને માણ્યો હતો. સર્વ આમંત્રિત હાજર લોકોને સંસ્થા દ્વારા પ્રકાશિત દ્વિમાસિક અંક 'અનન્ય પરિવર્તન' સ્મરણાર્થે ભેટ રૂપે આપવામાં આવ્યું હતું. તે ઉપરાંત આશ્રમ દ્વારા સંચાલિત વિવિધ વિભાગો દ્વારા બનાવવામાં આવેલા ઉત્પાદનો જેવા કે ખાખરા, ચોકલેટસ્, તોરણ, પુસ્તકો વગેરે કાઉન્ટર્સ પર વેચાણાર્થે રાખવામાં આવ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત સ્વાગત નૃત્યથી થઇ હતી. ત્યારબાદ આશ્રમની માનવતાને મહેંકાવતી વિવિધ પ્રવૃત્તિઓની એક ડોક્યુમેંટરી બતાડવામાં આવી હતી અને સાથે ભાવી આયોજનો વિશે પણ માહિતી આપવામાં આવી હતી. એના માટે જ શરૂ કરવામાં આવેલા 'મિશન ૨૦૨૦' ની વિગતવાર માહિતી પૂજય નિલેશભાઇએ આપી અને મિશનને સફળ બનાવવા માટે પ્રેરણારૂપ વક્તવ્ય આપ્યું. ત્યારબાદ રાતના ૧૧.૩૦ સુધી સ્પર્શ ટીમ દ્વારા ભક્તિગીતો રજૂ કરવામાં આવ્યા. અંતમાં પરમ પૂજ્ય પપ્પાજીના આશીર્વાદ સાથે આ અપૂર્વ, અનોખી તાત્વિક ભક્તિમય કાર્યક્રમનું સમાપન થયું. ◆



શ્રી રાધા-નારદ મિલન



શ્રીરાધામાધવ વચ્ચેના સંબંધોને કેવળ લૌકિક સમજી લઈને કેટલાંક ઈર્ષ્યાળુ વ્રજવાસીઓએ ગમે તેમ બોલવા માંડ્યું હતું. એમાં પેલા કાલીયદમનના પ્રસંગે તો બળતામાં ઘી હોમ્યું !

બન્યું એવું કે કનૈયાએ દડો લેવા માટે યમુનાની ધરામાં પડતું મૂક્યું છે એ સમાચાર જેવા ગામમાં આવ્યા કે એની સૌથી આઘાતજનક અસર શ્રીરાધા પર થઈ. શ્રી કૃષ્ણના વિયોગમાં એ પ્રેમદિવાની રાધાજી મૂર્છા પામીને યમુનાકિનારે બેહોશ થઈ ગયાં. આ ઘટના બન્યા પછી તો લોકનિંદાએ માઝા મૂકી અને વ્રજભૂમિનાં કેટલાંક રૂઢિચુસ્ત નરનારીઓએ વાતનું વતેસર કરીને હવે રોજરોજ છડેચોક એમના સંબંધો વિશે આડેધડ બોલવા માંડ્યું.

આ ટીકાકારો પૈકી બે વ્રજનારીઓનું સ્થાન આગળ પડતું હતું કેમકે એમને શ્રીરાધા-શ્યામનું આ રોજરોજનું મિલન, નિકુંજવિહાર અને રાસલીલા જોયાં જતાં ન હતાં. એમના મનમાં કદાચ એવો છૂપો ડર પણ હતો કે એમનો ખુદનો જમાવેલો પ્રભાવ અને પ્રતિષ્ઠા ઘટી જશે !

આ બે પૈકી એક યુવાન સ્ત્રી હતી જે પોતાને સતી શિરોમણિ અને પવિત્રાની મૂર્તિ સમજતી હતી, જ્યારે બીજી પ્રૌઢ સ્ત્રીને તો એવું અભિમાન હતું કે, મનસા-વાચા-કર્મણા પોતે આજીવન નિષ્પાપ છે એને પ્રભુની એટલી મહાન ભક્તાણી છે કે અંતકાળે અને તેડવા માટે તો વૈકુંઠથી વિમાન જ આવશે !

આ બન્ને, પોતાની જાતને સતી શિરોમણી સમજતી અને ભક્તિના પવિત્ર રંગે પોતે જ રંગાયેલી છે એવું જનમાનસમાં ઠસાવવા માગતી આ બે વ્રજનારીઓને કારણે શ્રીરાધાજીનો શ્યામસુંદર સાથેનો 'વ્યવહાર' ઠેરઠેર નિંદાનો જ એક ઉત્તેજનાપૂર્ણ વિષય બની

ગયો. આ ચર્ચા નિંદાએ ધીરે ધીરે એવું અસહ્ય ટીકાત્મક સ્વરૂપ ધારણ કર્યું કે વ્રજની અન્ય પરિણિત ગોપીઓની સાસુઓએ અને નણંદોએ, પોતાની પુત્રવધુને યા ભાભીને જરાપણ મોડું થાય તો બસ, રાધાનું નામ વચ્ચે લાવીને ન સંભળાય એવાં કડવા મહેણાં મારવાનું શરૂ કરી દીધું.

નંદકિશોર તો આવી લોકનિંદાઓથી સદૈવ પર હતા એટલું જ નહીં, શ્રીરાધાજીના માનસપટ પર પણ આવી દુન્યવી ટીકાઓ- નિંદાઓની કોઈ વિપરિત અસર થતી ન હતી. એ બન્ને દિવ્યાત્મા તો પોતાની રીતે જ જીવતાં હતાં, એકબીજામાં ચક્રવાક-ચક્રવાકીની જેમ ખોવાઈ જતાં હતાં અને માનવ અવતાર ધારણ કરીને ઉચ્ચ કોટિના પ્રણયનો ને ત્યાગનો જે આદર્શ પ્રસ્થાપિત કરવો હતો તે દિશામાં ધીરે ધીરે આગળ વધતાં હતાં. લોકોનાં આવાં મહેણાં-ટોણાં, નિંદા-ટીકા, મજાક-ઉપહાસ એમની ચિત્તધારાને વિવશ કરે યા પરિવર્તિત કરે એ તદ્‌ન અસંભવિત હતું.

મન-બુદ્ધિથી શ્યામસુંદરમાં ખોવાયેલાં રહેતાં શ્રીરાધાજી તો વહેલી સવારે ઘરમાંથી નીકળી જતાં અને 'શ્યામ... ઘનશ્યામ' પોકારતાં એ જ્યાં બિરાજ્યા હોય ત્યાં પહોંચી જતાં અને કદમ્બના વૃક્ષ નીચે પોતાના પ્રાણેશ્વરને ન જોતાં કનૈયાકુંવરને શોધવા બાવરાં બાવરાં, એક નિકુંજથી બીજા નિકુંજ પર દોડાદોડ કરતાં.

પોતાની બાલસખી શ્રીરાધાને આમ દોડાવવામાં ને તડપાવવામાં એક બાજુ શ્યામસુંદરને એક જાતનો દિવ્ય આનંદ પ્રાપ્ત થતો હતો તો બીજી બાજુ મારા અહીંથી ગયા બાદ, શું થશે એની કલ્પના આવતાં નંદકુવર એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના એકાએક પ્રત્યક્ષ થઈ જઈને, શ્રીરાધિકાને દર્શન દેતા હતા અને એને દિવ્યાનંદનું રસપાન કરાવવા નિકુંજની હરિયાળી ભૂમિ પર લઈ જતા હતા.

શ્રીરાધા તો બસ જાણે શ્રીકૃષ્ણના દર્શન કરવા માટે જ જીવતાં હોય એમ માથા પર યમુનાજળ ભરવા માટેની મટકી લઈને દિવસમાં કંઈ કેટલીયેવાર યમુનાકિનારે આવજા કરતાં હતાં. ધન્ય હતાં એ શ્રીરાધાજી કે જેમણે પોતના શ્યામસુંદરને કાજે લોકલાજની જરા જેટલી પણ પરવા કરી ન હતી.

આમ શ્રીરાધા અને શ્રીરાધારમણ ઘનશ્યામ પ્રભુની આવી બાળલીલાઓ અવિરતપણે વ્રજભૂમિમમાં ચાલી રહી હતી. જેમ જેમ સમય પસાર થતો ગયો અને એમની વચ્ચેનો દિવ્ય પ્રયણસંબંધ વધુને વધુ પુષ્ટ થતો ગયો તેમ તેમ, પેલી બે ઈર્ષાખોર વ્રજસુંદરીઓની ચડવણીથી લોકનિંદાએ પણ માઝા મુકવા માંડી. ઈર્ષાળુ અને વિઘ્નસંતોષી લોકો જેમ ફાવે તેમ બોલવા લાગ્યા.

આ લોકો આ શું કરી રહ્યા છે અને મારી સામે જોઈને મશ્કરીમાં કેમ હસી રહ્યાં છે એની કાંઈ ગતાગમ દુન્યવી વ્યવહારથી અજાણ શ્રીરાધાજીને તો પડતી જ ન હતી. પરંતુ નિકુંજ અધિષ્ઠાત્રી શ્રીવૃન્દાદેવી અને પતિતપાવની વૃંદાવન વિહારીણી શ્રી યમુનાદેવીની ધીરજ ખૂટી ગઈ! વ્રજવાસીઓની આવી ક્રૂર મજાક, નિંદા, અપમાન અને આક્ષેપોથી તેઓ બન્ને અકળાઈ ગયાં.

એક દિવસ સંધ્યાકાળે શ્યામસુંદર એકલા શ્રીયમુનાજી પાસે કદમ્બના વૃક્ષ નીચે વાંસળીના સૂર રેલાવી રહ્યા હતા ત્યારે શ્રીવૃન્દાદેવી ત્યાં પ્રત્યક્ષ થયાં અને શ્રીયમુનાજીની હાજરીમાં એમણે શ્રીરાધાજીની વિતકકથા, એમના પ્રત્યે અમુક લોકોનો નિર્લજ્જ વ્યવહાર અને થઈ રહેલી લોકનિંદાનો ચિતાર અશ્રુભરી આંખે નંદ કુંવર સમક્ષ રજૂ કર્યો જે સાંભળ્યા પછી તો શ્યામસુંદરની આંખોમાં પણ ઝળઝળિયા આવી ગયાં.

યમુનાજીએ અને વૃંદાદેવીએ તો જે કહેવું હતું તે કહી દીધા પછી અંતે એટલી જ શિખામણ આપવાની હિંમત કરી કે આપને આમાં કંઈ વાંધો આવવાનો નથી કેમકે આપ તો નિર્ગુણ, નિરાકાર ને નિર્વિકાર છો. પરંતુ અમારી લાડલીને તો સીતાવતારમાં પણ આખી જિંદગી દુઃખમાં ગાળવી પડી ને આ રાધાવતારમાં પણ શું એને લોકનિંદામાં ઝેર પચાવી પચાવીને જ તમારે જીવતી જલાવી દેવી છે? આ લોકનિંદા ને લોકાપવાદ નિર્મૂળ થઈ જાય એવો કોઈ રસ્તો અપનાવોને અંતર્યામી?◆

(ક્રમશઃ)

ચૈત્ર માસ આયંબીલ ઓળી તપ આરાધના

સંસ્થા દ્વારા તા. ૧૧-૦૪-૨૦૧૯ થી ૧૯-૦૪-૨૦૧૯ દરમ્યાન શ્રીમદ્ રાજચંદ્ર મંદિર મધ્યે ચૈત્ર માસની આયંબીલની ઓળીના તપની આરાધનાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રતિદિન આશરે ૬૦ મુમુક્ષુઓએ ઉત્સાહપુર્વક ભાગ લઈને રસેન્દ્રિયના ત્યાગરૂપે નિરસ આહાર ગ્રહણ કરતાં આ તપની આરાધના કરી હતી. આ તપ કરનાર મુમુક્ષુઓ તેમજ અન્ય લોકો માટે બપોરે ૨.૦૦ થી ૪.૦૦ દરમિયાન સત્સંગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું કે જેમાં મન, વચન અને કાયાના યોગોનો યત્નાપુર્વક ઉપયોગ વ્યવહારમાં કઈ રીતે કરી શકાય કે જેથી જીવજંતુની હિંસા ન થાય. સામાયિક એટલે અનુકૂળ - પ્રતિકૂળ સંજોગોમાં કેવી રીતે સમતાભાવ કેળવવો, ૨૪ તીર્થંકરોની પુજા - વંદના - ભક્તિ કરવાના પરમાર્થિક કારણો અને તેના ફળ, પ્રતિક્રમણનો ઉદ્દેશ અને તેના ફળ, તેમ જ નિજદોષોનું દર્શન થતાં ફરી પાછા તે દોષોનું પુનરાવર્તન ન થાય તે માટે પ્રત્યાખ્યાન - વગેરે વિષયો ઉપર જુદા જુદા મુમુક્ષુઓ દ્વારા ઊંડાણપૂર્વકનું અધ્યયન કરીને સમજાવવામાં આવ્યું હતું. ઉપસ્થિત સર્વે લોકોએ ભાવપૂર્વક લાભ લીધો હતો.

આ પર્વના અંતર્ગત તા. ૧૭-૦૪-૨૦૧૯ના બુધવારે મહાવીર જયંતિના ઉપલક્ષે રાત્રે ૮.૦૦ થી ૮.૩૦ કલાકે પ્રભુભક્તિ તેમજ ભગવાન મહાવીર સ્વામીના ઉત્તમ બોધને ગ્રહણ કરવા માટે જીવમાં કેવી યોગ્યતા અને પાત્રતા હોવી જોઈએ તે વિષય ઉપર પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના વચનામૃત પત્રાંક ૧૦૫ ઉપર સત્સંગનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

શનિવાર તા. ૨૦-૦૪-૨૦૧૯ના સવારે સામુહિક નિત્યક્રમ કર્યા બાદ સંસ્થાની કમિટિ તેમજ સ્પિરીચ્યુઅલ ટીમ દ્વારા સર્વે તપસ્વીઓના આયંબીલ તપની અનુમોદના કરવામાં આવી હતી અને અંતે સર્વે તપસ્વીઓ તેમજ લાભાર્થીઓ માટે સામુહિક પારણાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. સર્વે મુમુક્ષુઓએ આ તપ આરાધનામાં જોડાઈને ધર્મલાભ તેમ જ સેવાનો લાભ લીધો હતો.

કોલકાતા સેન્ટરના નિર્માણ દિવસના ચતુર્થ વર્ષની પૂર્ણતા અને પંચમ વર્ષમાં પદાર્પણ નિમિત્તે સંસ્થા દ્વારા તા. ૨૧-૦૪-૨૦૧૯ના રવિવારે પરમાર્થિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તે દરમિયાન મુંબઈથી પૂજ્યશ્રી પ્રેમાચાર્યજી (પરમ પૂજ્ય પપ્પાજી)ના પરમ સત્સંગનું જીવંત પ્રસારણ દેખાડવામાં આવ્યું હતું. તે જ દિવસે જયંતિના ઉપલક્ષે કોલકાતા સમસ્ત જૈન સંઘ દ્વારા આયોજીત શોભાયાત્રામાં સંસ્થાના મુમુક્ષુઓએ પોતાની હાજરી નોંધાવી હતી. ◆







સમાધિ મરણ તે સમાધિ જીવનનું ફળ છે

ભગવાન મહાવીર સ્વામીના અંતેવાસી શિષ્ય પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના દેહ વિલય દિવસની સ્મૃતિરૂપે તેમના સમાધિમય જીવન પર પ્રકાશ પાડતા એક અનેરા પરમાર્થિક કાર્યક્રમ ''સમાધિ મરણ તે સમાધિ જીવનનું ફળ છે'' - નું આયોજન સંસ્થા દ્વારા તા. ૨૮-૦૪-૨૦૧૯ના રવિવાર સાંજે ૫.૩૦ થી ૭.૩૦ કલાકે શ્રીમદ્ રાજચંદ્ર મંદિર મધ્યે કરવામાં આવ્યું હતું.

સંસ્થા દ્વારા આ એક નવો જ પ્રયોગ કરવામાં આવ્યો હતો કે જેમાં મંદિર મધ્યે એકદમ અંધારું રાખવામાં આવ્યું હતું તથા પરમ કૃપાળુ દેવ અને તેમના ગુરુ ભગવાન શ્રી મહાવીર સ્વામીના ચિત્રપટને જ લાઈટ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યા હતા કે જેથી મંદિરમાં ઉપસ્થિત મુમુક્ષુવર્ગ ભક્તિ પદોના સથવારે તે ચિત્રપટ ઉપર પોતાની દ્રષ્ટિ એકાગ્ર કરીને ભાવ સાથે જોડાઈ શકે. આ રીતે ૫.૩૦ થી ૬.૦૦ કલાકે સૌ ભક્તિના માધ્યમે ભાવ સાથે જોડાયા હતા.

સાંજે ૬.૦૦ કલાકે ત્યાં ઉપસ્થિત સર્વે મુમુક્ષુઓને આંખ પર બાંધવા એક કાળી પટ્ટી આપવામાં આવી હતી. ત્યારબાદ સંસ્થાના મુમુક્ષુ મેહુલભાઈ પીપળીયા દ્વારા પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના જીવન દરમિયાન બનેલા જુદા જુદા પ્રસંગો દ્વારા તેમના આત્માની સમાધિસ્થ અવસ્થા તથા આત્મિક ગુણોનું અત્યંત ભાવુકતાસહ આલેખન કરવામાં આવ્યું અને તેમાં સંસ્થાના સ્પર્શ ભક્તિ ગ્રુપના કલાકાર તેમજ મુમુક્ષુ મુકેશભાઈ શાહ દ્વારા પરમ કૃપાળુ દેવ રચિત ભક્તિના પદોને પણ સાંકળી લેવામાં આવ્યા હતા. ઉપસ્થિત સર્વે મુમુક્ષુઓ શાંત ચિત્તે, આંખો બંધ કરીને તે દરેક પ્રસંગને તાદ્રશ્ય કરી શકે તે માટે તેમની આંખો ઉપર કાળી પટ્ટી બાંધવામાં આવી હતી જેની અનુભૂતિ સર્વેના મુખ ઉપર જ્યારે કાર્યક્રમની પૂર્ણતા થઈ ત્યારે જોવામાં આવી રહી હતી. એકંદરે ત્યાં ઉપસ્થિત સર્વે મુમુક્ષુઓએ આ નવિન પ્રયોગને ખૂબ ખૂબ વખાણ્યો હતો. રાત્રે ૭.૦૦ કલાકે આ પ્રયોગ પૂર્ણ થતાં સર્વે મુમુક્ષુઓ સામુહિક દેવ વંદન અને આરતીમાં જોડાયા અને ૭.૩૦ કલાકે પરમ કૃપાળુ દેવની ભાવભરી સ્મૃતિઓ લઈને સૌ છૂટા પડ્યા હતાં.◆



પૂજ્ય કુંવર મા

(ગતાંકથી ચાલુ)

શક્તિ-સંજોગો અનુસાર વ્રત નિયમ કરવા.

દેવલાલીમાં છેલ્લી બિમારી વખતે અમે ચાર બેનો પૂજ્ય મા પાસે હતા. તે વખતે એક મુનિ દેવલાલીમાં પધાર્યા હતા. તેઓ પૂજ્ય મા પાસે અવાર નવાર આવતા. પૂજ્ય માએ મુનિને કૃપાળુદેવનું પુસ્તક વહોરાવ્યું હતું અને પોતાનું હસ્ત લિખિત પુસ્તક વાંચવા આપ્યું હતું.

તે વખતે પૂજ્ય મા એ કહ્યું, ''મુનિ પાસેથી એક એક વ્રત લો.'' (પૂજ્ય મા એ પોતે કોઈ દિવસ કોઈને વ્રત આપ્યું નથી.) પછી તેમણે કહ્યું હતું કે એક વ્રત એવું હોવું જોઈએ કે આપણને મોક્ષે લઈ જાય.

શક્તિ અનુસાર વ્રત-નિયમ કરવા જ જોઈએ. છતાં વિચારી, ઘરના સંજોગ અનુસાર પચ્ચખાણ લેવા. પચ્ચખાણ લીધા પછી પ્રાણ જતાં પણ ન મુકાય.

અંતર્યામીપણું:

સં. ૨૦૦૭ની વાત છે. પૂજ્ય મા પર્ણકુટીરમાં રહેતા હતા. એક દિવસ રાત્રે દસ વાગે પૂજ્ય માએ એક બેન સાથે ''તાર પ્રભુ તાર મુજને'' એ ભજન મોકલ્યું અને કહેવડાવ્યું કે જ્યાં સુધી જાગો, ત્યાં સુધી આ ભજન ગાજો. પછી સવારના મોકલી આપજો.

સવારનાં અમે ભજન આપવા ગયા ત્યારે મેં કહ્યું મા, આ ભજન મને આપશો ?

મા એ કહ્યું, ''ભલે, બેટા આ પદ છેલ્લું છે. જલ્દી જાગો અને જલ્દી કામ કરી લ્યો. સંસારમાં ડુબશો તો કાઢનાર નહીં મળે. પંચમ કાળ છે, પછી કોઈ કહેનાર નથી.'' મેં કહ્યું, ''મા આમ કેમ બોલો છો ? આ શરીરે લખાતું નથી ?'' અને બન્યું પણ એમ જ. એ પદ છેલ્લું જ હતું તેના પછીનું કોઈ લખાણ કે પદ નથી.

દેહ વિલય નજીક હોવાનું અંતર્જ્ઞાનઃ

પૂજ્ય મા સાડલા પહેરતાં તે કચ્છમાં તૈયાર થતાં. તેમની પાસે હંમેશા ત્રણ જ સાડલા હોય. તે ફાટવા જેવા થયા હતા. તેથી મેં કહ્યું, ''મા, હવે નવા કરાવીએ.'' માએ કહ્યું ''બેટા, એ પણ વધશે, પાછળ મુકી જવા નથી.''

મે કહ્યું, ''મા આવું કેમ બોલો છો ?''

તરત જ વાત ફેરવી નાખી. થોડા દિવસ બાદ બજર જોઈ તો થોડી હતી. મેં કહ્યું, ''મા, બજર કરાવવી પડશે.'' માએ કહ્યું, ''બેટા, એમાંથી પણ વધશે.'' મેં કહ્યું, ''હમણાં બધી બાબતમાં એમ કેમ કહો છો ?'' પછી મને દુઃખ થશે જાણી હસ્યા અને વાત ફેરવી નાખી. બજર ખરેખર વધી હતી.

સાધુને વહોરાવવામાં કોને ક્યારે દોષ ?

એક વખત એક સાધ્વીજી વહોરવા આવ્યા. તેમણે કહ્યું કે માખણ છે ? ન હોવાથી મેં ના

કહી. તેમણે મને બીજે દિવસે રાખી મુકવા કહ્યું. મેં રાખી મુક્યું.

પછી પૂજ્ય મા પાસે આવી બધી હકીકત જણાવી. પૂજ્ય માએ કહ્યું, ''માખણ આપણાથી ન ખવાય તો સાધુને તો કેમ અપાય? વળી તેમને માટે કોઈ વસ્તુ તૈયાર કરી ન રખાય. ઘરમાં સહેજે જે થયું હોય તેમાંથી સૂઝતું હોય તેજ અપાય.''

મેં તેમ જ બીજી બેનોએ કહ્યું કે, ''અમે તો માંગે તો આપી દઈએ છીએ.'' માએ કહ્યું, ''તેમ કરવાથી આપનાર તથા લેનાર બન્નેને દોષ લાગે છે અને ભગવાનની આજ્ઞા તૂટે છે માટે હવેથી લક્ષ રાખજો. આમાં બન્નેનું અશ્રેય થાય છે.''

સમજણ વગર ચાંદલા કરવાથી શું વળે ?

એક વખત પૂજ્ય માએ પૂછ્યું કે પૂજા દરરોજ કરો છો? મેં હા પાડી ત્યારે પૂછ્યું, ''કેવી રીતે કરે છે તે કહે''. મેં કહ્યું એટલે તેમણે સમજ પાડી કહ્યું, ''પૂજા કોની કરીએ છીએ એ લક્ષ કરવો. સર્વજ્ઞ વીતરાગની પૂજા તેમના ગુણોને લક્ષમાં લઈ કરવી જોઈએ. સમજણ વગર ચાંદલા કરવાથી શું વળે?

એક એક અંગની પૂજા હેતુપૂર્વક છે. એમ નવ અંગે પૂજા કરતાં તેનું મહાત્મ્ય દર્શાવતા દુહા છે તે જાણી વિચારપૂર્વક શુદ્ધ મને પૂજા કરવી. પ્રભુને સ્પર્શ કરતાં કરતાં આનંદ થવો જોઈએ. સમજણ વિના તો અનંત કાળથી જીવ ધર્મ ક્રિયા કરે છે, પણ હવે સમજણપૂર્વક કરીએ તો જ કાર્ય સિદ્ધિ થાય.''

''સત્યં વદ'' ગોખતાં છ માસ કેમ લાગ્યા?

એક વખત મેં માને કહ્યું ''સત્યં વદ'' એ પાંચ અક્ષર ગોખતાં કૌરવને એક મીનિટ લાગી અને ધર્મરાજાને છ માસ લાગ્યા. કૃષ્ણ ભગવાને પૂછ્યું કે યુધિષ્ઠિર, તમને કેમ છ મહિના લાગ્યા? ત્યારે તેમણે કહ્યું કે મારે તો એ એવી રીતે જીવનમાં ઉતારવાનું છે કે જીવનભર ટકે અને જીવનમાં અસત્ય કદિ બોલાય જ નહીં. અસત્ય આચરણ થાય નહીં, તેથી છ મહિના મને લાગ્યા.

એ સાંભળી માએ કહ્યું કે, ''સત્સંગ પણ એવો કરવો કે જીવનભર ટકી રહે, ઉપર ઉપરથી કરીએ તો જરાવારમાં ભુલી જવાય.''

નિર્ભય થઈને કેમ સૂવાય?

પૂજ્ય મા કહેતા કે, ''ગાદલાં મચ્છરદાની કરીને પલંગ પર નિરાંતે ગોદડા ઓઢી સૂઈ જઈએ ત્યારે જરાક વિચાર કરવો જોઈએ કે, ચાર જ્ઞાનના ધણી હતા ત્યારે મહાવીર પ્રભુ જેવા સમર્થ પુરુષે સાડા બાર વર્ષ નિદ્રા તજીને મૌન ધારણ કર્યું. ત્યારે હે જીવ! તેં એવી તો કઈ શક્તિ પ્રાપ્ત કરી છે તે આવો નિર્ભય થઈને સૂઈ જાય છે? આવો વિચાર કોઈ દિવસ કર્યો છે? જરા વિચાર તો કર કે આમ કેમ સુવાય?'' એ મુજબ દરરોજ વિચારવાનું કહેતા.

''જેને મૃત્યુની સાથે મિત્રતા હોય,
અથવા મૃત્યુથી જે ભાગી શકે તેમ હોય,
અથવા હું નહીં જ મરુ એમ જેને નિશ્ચય હોય,
તે ભલે સુખે સુવે.''

શ્રી તીર્થંકર - છ જીવનીકાય અધ્યયન
શ્રીમદ્ રાજચંદ્ર

(ક્રમશઃ)

સમાધિ મરણ

■ **પૂ. ભોગીલાલ ગિ. શેઠ** (પરમ પૂજ્ય બાપુજી)

મૃત્યુ મહોત્સવની કુમકુમ પત્રિકાઃ

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિશ્વરજી એ આ એક અંતિમ પત્ર પોતાના જ્ઞાની ગૃહસ્થ શિષ્યને લખેલો હતો. તેમાં તેઓશ્રીએ જાણે મૃત્યુમહોત્સવની કુમકુમ પત્રિકા આલેખી હોય તેમ દેખાય છે.

''સર્વ થકી મોટામાં મોટો પુરુષાર્થ કરવાનો એ છે કે મૃત્યુભયની વૃત્તિઓને જીતી લેવી. આમ થતાં જીવવામાં ને મરવામાં તે તટસ્થ દૃષ્ટા તરીકે વર્તે છે ને સાક્ષીભાવ ધારણ કરે છે, તેથી તે દેહાદિકની સાથે બંધાતો નથી અને તેથી આવતા ભવમાં તે જાતિસ્મરણ જ્ઞાનને શીઘ્ર પ્રાપ્ત કરે છે. પુનર્જન્મનો તથા કર્મનો જેને નિશ્ચય થયેલો છે તથા જેનો આત્મા શરીરમાં રહેલો છે અને શરીરને ઘોડા જેવું માનીને તેને વાહન તરીકે માને છે તે દેહાદિકમાં બંધાતો નથી અને મરણકાળે તેની આંખો વગેરે બંધ થાય, કાન બંધ થાય, બાહ્ય ઈન્દ્રિયોનું ભાન તે વખતે ના રહે તો પણ અંતરથી જાગૃત રહી મરણકાળે આત્માની અનંતગણી શુદ્ધિ કરે છે.

આત્મા અમર છે અને તે દેહના સંબંધમાં વર્તતો છતાં પણ સર્વથી દેહાતીત છે, એવો પૂર્ણ નિશ્ચય થાય તો મોટામાં મોટો મૃત્યુભય ટળી જાય. મૃત્યુ શરીરનું થાય છે અને આત્માની ઉચ્ચ દશાની શ્રેણીઓમાં ચઢતાં આગળના ઉચ્ચ દેહો ધારણ કરવાને માટે ઉપયોગી થાય છે. આત્માની પરમાત્મ દશા પ્રગટ કરવામાં આ દેહે પુરુષાર્થ ન થતો હોય અને જે કાર્ય સિદ્ધ ન થતું હોય તે બીજા દેહે કરવા માટે વચ્ચે રહેલું દેહનું મરણ ઘણું ઉપયોગી થઈ પડે છે. એવું આત્માર્થી જ્ઞાની ભક્ત પુરુષ માટે સમજાય છે.

જ્ઞાની પુરુષો જીવનથી હર્ષ પામતા નથી અને મરણથી શોક કરતા નથી. તેઓ જીવતાં છતાં અમુક દ્રષ્ટિએ દેહ પ્રાણનું મૃત્યુ અનુભવે છે અને તેથી દેહ અને પ્રાણ વગેરે સાધનોને વ્યવહારોપયોગી ગણી તેની સાર સંભાળ કરે છે, પણ જ્યારે તેનો નાશ થવાનો હોય છે ત્યારે આત્મભાવમાં જાગૃત થઈ, આત્મોપયોગી થાય છે. પહેલેથી તેમનો તેવો આત્મ ઉપયોગ વર્તવાથી મરણકાળે દુઃખ પડે અને બાહ્ય ઈન્દ્રિયોનું ભાન ભૂલાય તો પણ અંતરથી જાગૃત હોય છે. કારણ કે તેમણે પહેલાથી ઉપયોગ વડે તેવી ગતિ આપી હોય છે તેથી સમ્યકજ્ઞાનીનું સમાધિમરણ થાય છે. ઉપયોગ પૂર્વક દેહને છોડી શકે છે અને તે બીજા ભવમાં જાય તો પણ પોતાનું આત્મ ભાન કાયમ રાખે છે.

એક વાર દ્રષ્ટિ સમ્યક થઈ તો તે પછી જીવ ગમે ત્યાં જાય તો પણ પોતાના આત્માનો વિકાસ જ કરવાનો અને અંતરની પરમાત્મદશા પ્રગટ કરવાની પ્રગતિને પ્રગટ કરવાનો જ, તેમાં શંકા છે જ નહીં. મરણ એ વૈરાગ્ય દેનાર શિક્ષક છે.

જ્ઞાની આત્મા ક્ષણે ક્ષણે મૃત્યુની સામે દેહમાં રહેતો છતાં યુદ્ધ કર્યા કરે છે અને તે જ્ઞાન સમાધિમરણ પ્રાપ્ત કરે છે.

શરીરનો ઝભ્ભો બદલવો તે જેવું બાહ્યથી કાર્ય દેખાય છે, તેવું જ જ્ઞાનીનું દેહ બદલવારૂપ કાર્ય છે. આ પ્રત્યક્ષ દેખાતાં દેહ વગેરેના સંબંધો જ્યાં સાચા માનવામાં આવે છે ત્યાં મૃત્યુભય રહેલો છે અને મરણ બાદ આત્માની હયાતીનો જ્યાં નિશ્ચય હોય છે, ત્યાં જ્ઞાનભાવ જાગ્રત થાય છે અને મૃત્યુભય ટળે છે. આત્મા મુક્તિના પંથે ક્રમે ક્રમે ચઢતો છેવટે અંતર મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટ કરે છે અને પરમાત્મા થાય છે.

જ્ઞાનીઓના શરીરને જો મૃત્યુ ન હોત તો તે આગળ ચઢી શકત જ નહીં. જ્ઞાની મૃત્યુનો કાળો પડદો ચીરીને તેની પાછળ આત્મપ્રકાશ દેખે છે ને તેથી તેઓ નિર્ભય બને છે. પંખી જેમ પોતાના શરીર પરની ધૂળ ખંખેરી દે છે તેમ તે સર્વ પ્રકારની વાસનાને ખંખેરી નાખી ચોખ્ખો બને છે અને તેથી તે નિર્ભય બને છે.

મરણ કઈ વખતે થવાનું છે તેનો પહેલેથી નિશ્ચય થતો નથી માટે પહેલેથી જ્ઞાન, ધ્યાન, સમાધિથી ઘણું ચેતી લઈ આત્માની શુદ્ધિ કરી લેવી જોઈએ..

શુધ્ધાત્માનું સ્વરૂપ સ્મરણ કરવું, પરમેશ્વરમાં પોતાનું મન લયલીન કરવું, તે જ પ્રભુમાં રહેવાનું છે. પ્રભુમાં રહીને આત્મપ્રભુ પ્રગટાવવા આત્મોપયોગે જીવાય છે અને બાહ્યથી આયુષ્ય ઉદયે શરીરથી પણ જીવાય છે. આવી રીતે બે નોખા જીવનને અનુભવાય છે અને વર્તાય છે. શુદ્ધપૂર્ણ પરમાત્મા થવા માટે અંતરમાં ઉપયોગ રહેવાથી મોહની સાથે અંતરમાં યુદ્ધ ચાલે છે, તેનો અનુભવ થાય છે. આવા યુદ્ધમાં દેહ ને પ્રાણનું મૃત્યુ થતાં આત્માનો વિજય થાય છે, એ નિઃસંશય વાત છે. એમાં ક્ષણ માત્રનો પ્રમાદ કર્યા વિના આગળ વધવાની જરૂર છે અને આત્માના પ્રદેશો જે અનુભવજ્ઞાન નહીં પામેલા હોય તે પ્રાપ્ત કરવાની જરૂર છે.

એકવાર આત્માનો પૂર્ણ નિત્યત્વપણાનો અનુભવ થયો કે તે પછીથી આત્મા તરત જ નિર્ભય થવાનો જ અને શૂરવીર બનવાનોજ. આત્માની અનંત શક્તિ છે. આવી દશા પ્રગટ કરવા માટે પહેલાથી જ નિરુપાધિ નિવૃત્તિ મેળવવી જોઈએ, જ્ઞાનીઓની સંગતિ કરવી જોઈએ, સર્વ જીવોને ખમાવી લેવા જોઈએ. તેથી તે પોતાનું સાધ્ય ભૂલતો નથી અને મરણાદિ પ્રસંગ આવ્યે છતે ખરો યોદ્ધો બની જાય છે. દરેક મનુષ્યે પહેલાથી આવી દશા પ્રગટ કરવામાં પુરુષાર્થ કરવો. પરિગ્રહ મૂર્છાની વૃત્તિઓને રોકવી અને શુભાશુભ વૃત્તિઓથી પોતાનો આત્મા ન્યારો છે એવો જે અનુભવ કરવો તે જ આત્મપ્રભુનો સાક્ષાત્કાર છે. તે દિશા તરફ ઉત્સાહથી લગની લગાડો અને આત્મપ્રભુને અનુભવવાની તથા નિર્ભયદશા પ્રાપ્ત કરવાની તાલાવેલી પ્રગટ કરો. જરા માત્ર પણ પ્રમાદ ન કરો. ઉપયોગ ભૂલાય કે પાછો ઉપયોગ પ્રગટ કરો. દુનિયાના આવશ્યક કર્તવ્યો કરવા પરંતુ અંતરમાં ઉપયોગી રહેવું અને મરણદશાની પહેલાં આત્માનો શુદ્ધ ઉપયોગ ધારણ કરવો જોઈએ. આત્મા સંબંધી કરેલો એકપણ વિચાર નકામો જતો નથી, તો પછી ક્ષણે ક્ષણે જે આત્માનો વિચાર કરવામાં આવે છે તેથી મુક્તિ થયા વગર રહે જ નહીં તે વાત નિશ્ચય છે.

જ્ઞાની, ભક્ત, ધર્મી પુરુષને આત્માની પૂર્ણ શુદ્ધિને માટે, આત્માની પૂર્ણ પરમાત્મદશા થવા માટે દેહાદિક પરિવર્તન હોય છે અને પૂર્ણ કાર્ય થયે છતે દેહાદિકનો અભાવ થાય છે. એવી જ્ઞાની

ભક્તને પૂર્ણ ખાતરી થવાથી તેને મૃત્યુ પણ એક મહોત્સવ જેવું લાગે છે. તેથી દેહ રહે કે ન રહે તો પણ તેને તો સમભાવ પ્રવર્તે છે.

ફક્ત વાંચનજ્ઞાનથી આત્મા ઉપર ઊંડી અસર થતી નથી અને મન પર થયેલી ક્ષણિક અસર તો પાછી ભૂંસાઈ જાય છે, માટે આત્મામાં નિર્ભયતાના ઊંડા સંસ્કારો પડે અને તેનો પૂર્ણ અનુભવ થાય તેવો પુરુષાર્થ આ ભવમાં કરવો જ જોઈએ.

આર્તધ્યાન, રૌદ્રધ્યાનના વિચારોને તો જીવતાં જ મારી નાખવા જોઈએ અને તે જીવતાં મરી ગયાની પોતાને ખાતરી ન થાય ત્યાં સુધી પુરુષાર્થ કરવામાં ખામી ન રાખવી જોઈએ અને એક ક્ષણનો પણ પ્રમાદ ન કરવો જોઈએ. અનંત ભવોમાં પોતાના પાડેલા નામો અને દેહના અનેક રૂપો તથા વર્તમાનકાળનું નામ તથા વર્તમાનકાળની દેહાકૃતિરૂપ હું નથી. હું આત્મા તેથી ન્યારો છું, તેવો પૂર્ણ અનુભવ અંતરમાં પ્રગટવો જોઈએ અને તે પોતાને વેદાવો જોઈએ. તેથી જે કાંઈ બનવાનું હોય છે, તે સારા માટે બને છે અને તે આત્માનોન્નતિ માટે થાય છે, તેમ જાણી સેવા, ભક્તિ, જ્ઞાન, ઉપાસના, સતક્રિયા આદિ સર્વ ધાર્મિક યોગોના સાધનોની સાધના થાય છે અને સાધનભેદે ભેદ છતાં અંતરમાં અભેદભાવ વર્તે છે અને પ્રભુને પ્રગટ કરવા પ્રભુની પ્રાર્થના થાય છે.

મૃત્યુનો દ્રષ્ટા આત્મા છે, મૃત્યુ દ્રશ્ય છે, આત્માથી મૃત્યુ ન્યારું છે, મૃત્યુ એ પોતાનો સાથી છે, મિત્ર છે, ઉપકારી છે. ભાવિ મૃત્યુકાલે મૃત્યુને પણ નિર્ભયભાવે ભેટવું ને આગળ વધવું એજ જ્ઞાની આત્માનું કર્તવ્ય છે. અંતરમાં ઊંડા ઊતરીને મૃત્યુ ને અમૃત્યુનો વિચાર કરો અને આગળની મુસાફરી જ્યારે કરવાનો પ્રસંગ આવે ત્યારે પહેલાથી ચેતીને શૂરવીર બનો.

સમકિતરૂપ કેસરિયા કરીને જ્ઞાનીપુરુષો પાછા ડગલાં ભરતાં નથી અને મૃત્યકાલે આવું ધર્મયુદ્ધ કર્યા વિના સ્વરાજ્ય મળવાનું નથી. આત્મપ્રભુના રાજ્યમાં જવા માટે સંતપુરુષોએ અંતરમાં યુદ્ધો કર્યા છે અને કરે છે. પોતાની દ્રષ્ટિ જ પોતાને તારે છે. અન્ય સાધનો તો નિમિત્ત માત્ર હોય છે. આવી દશા પ્રગટાવવી તેજ આત્મપ્રભુનું પ્રાકટ્ય છે અને એ જ પરમેશ્વરનો સાક્ષાત્કાર છે. તેવી રીતે હૃદયમાં આત્મપ્રભુને પ્રગટ કરીને આયુષ્ય સંબંધે જીવતાં જ્ઞાની આત્માને મૃત્યુ પણ મિત્ર રૂપ થઈને તેને મોક્ષે જવામાં સહાયક બને છે, તો પછી બીજા પદાર્થનું કહેવું જ શું ?

માટે સર્વ પ્રકારના તર્ક વિતર્કમાંથી મન પાછુ ખેંચી લઈને સમ્યક્‌દ્રષ્ટિની શુદ્ધોપયોગ દશા પ્રગટાવવા અતિ પુરુષાર્થ કરો અને પરભાવના અંતરનાદ રૂપ પ્રભુનો પૈગામ પ્રકટીને નિર્ભયતા જાહેર ના કરે ત્યાં સુધી વિશ્રાંતિ ના લો, આગળ વધો. તમને આગળ વધવામાં શાસન દેવો, સંતોની સહાય થાઓ.

(ક્રમશઃ)

(સમાધિ સાધનામાંથી સાભાર)

નોંધ : પ.પૂ. બાપુજી લિખિત આ નિબંધનું સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

ઈડર, ગુજરાતની સૌથી જુની સંસ્કૃત પાઠશાળા

જેને કારણે ઈડરનું નાનકડું કડિયાદરા ગામ 'છોટી કાશી' તરીકે જાણીતું બન્યું છે એ ૧૦૬ વર્ષ જૂની સંસ્કૃત પાઠશાળાને ગુરુજનો દ્વારા હવે આધુનિક રંગ આપવા ભગીરથ પુરુષાર્થ ચાલી રહ્યો છે. પ્રાચીન શિક્ષણ સાથે આધુનિક દ્રષ્ટિકોણ, અંગ્રેજી - વિજ્ઞાન - કોમ્પ્યુટર - ટેક્નોલોજી એ તમામને સાંકળી લઈ આ પાઠશાળા સંસ્કૃત માધ્યમ દ્વારા શિક્ષણનું ઉત્તમ ઉદાહરણ બન્યું છે.

ઈડરના કડિયાદરા ગામના પાવનલાલ મનસુખરામ ઠાકર મુંબઈમાં રસોઈયા તરીકે કામ કરતા હતા. એ સમય હતો સામાજિક ક્રાંતિનો, સમાજનાં દૂષણોથી મુક્તિનો, શિક્ષણ પ્રત્યેની જાગૃતિનો. પાવનલાલની તીવ્ર ઈચ્છા હતી કે એમના વતન કડિયાદરામાં પણ પાઠશાળા અને કન્યાશાળા શરૂ થાય. થોડા જ વખતમાં પોતાના શેઠિયાઓ પાસેથી એમણે દાન ભેગું કરીને આ પાઠશાળા અને કન્યાશાળાના પાયા નાખ્યા.

આજે નવા જમાના-નવા સમય સાથે ડગલાં માંડી આધુનિકતા તરફ અગ્રેસર રહી પ્રાચીન પરંપરાનો વારસો જાળવવામાં એ સક્રિય છે. હાલ કડિયાદરાથી ત્રણેક કિલોમીટર દૂર દિયોલી ગામમાં કૈલાશ ટેકરીના એક આશ્રમમાં અત્યારે આ પાઠશાળા ચાલી રહી છે.

પાઠશાળા સાથે જોડાયેલા આચાર્ય મહેશભાઈ ઠાકર કહે છે,

'સંસ્કૃતના શિક્ષણનું મહત્વ વધ્યું છે ને વધતું રહેશે. મને તો આશા છે કે આવનારા દાયકામાં તો ધીરે ધીરે સંસ્કૃત ફરી વ્યવહારિક ભાષાનો દરજ્જો મેળવી શકશે...'

અત્યારે કડિયાદરા ગામમાં આવેલી જૂની ઈમારતને નવેસરથી તૈયાર કરવાનું કામ હાથ ધર્યું છે. પાઠશાળાની શૈક્ષણિક પદ્ધતિમાં આજે પરંપરાઓ સાથે તમામ આધુનિક જરૂરિયાતોનો પણ ખ્યાલ રાખવામાં આવે છે. સૌથી મહત્વનું એ કે નાતજાતના ભેદભાવ વગર તમામ વિદ્યાર્થીઓને આવકારી નિઃશુલ્ક શિક્ષણ આપવામાં આવે છે. એમના રહેવા ખાવા પીવાની પણ વ્યવસ્થા અહીં થાય છે.

અત્યારે કુલ ૭૬ વિદ્યાર્થી ભણી રહ્યા છે. સામાન્ય બોર્ડની શાળામાંથી આઠમું ધોરણ પાસ કર્યા પછી અહીં પ્રવેશ આપવામાં આવે છે, જે પછી પ્રથમાં (નવમુ-દસમું), મધ્યમા (અગિયારમું - બારમું), શાસ્ત્રીય (સ્નાતક કક્ષા) અને આચાર્ય (અનુસ્નાતક કક્ષા) કક્ષાના વર્ગનું શિક્ષણ ગણાય છે.

સવારે છ થી રાતે આઠ સુધીના પાઠશાળાના દૈનિક ક્રમમાં ભણતર સાથે અહીં ધિંગામસ્તી, રમતગમત, સાંસ્કૃતિક કાર્યક્રમો, ગીત-સંગીત-નાટકો, કોમ્પ્યુટર વર્ગ, અંગ્રેજી વર્ગ, યોગ વગેરે જેવી અનેકવિધ પ્રવૃત્તિ પણ થાય છે.

પાઠશાળા સાથે જોડાયેલા ઈતિહાસ, જ્યોતિષશાસ્ત્ર ને વ્યાકરણના પ્રાધ્યાપક ગજેન્દ્ર શુક્લ કહે છે:

'આજે માધ્યમો વધ્યા છે એટલે લોકોમાં જાગૃતિ ને સમજ પણ વધી છે. દુષિત

પર્યાવરણને કારણે આજે જે જે સમસ્યાઓ સર્જાઈ રહી છે એ વિશે આપણાં શાસ્ત્રોમાં પણ ઘણી વાતો છે. એ વાતોને આજના સંદર્ભ સાથે જોડીને વધારે સારી રીતે સમજાવી શકાય છે. એ દ્રષ્ટિએ વિચારીએ તો શાસ્ત્રો આજે વધારે પ્રસ્તુત છે. આપણી આ ગુરુકુળ પદ્ધતિમાં માત્ર શિક્ષણ નહીં, કેળવણી પર વધારે ભાર મૂકવામાં આવે છે. બાળકને ધર્મ સાથે જીવનના આયોજનની, શિસ્તની, સ્વાવલંબનની એમ તમામ પ્રકારની કેળવણી મળે એ હેતુ હોય છે.'

પહેલાં એવી પરંપરા હતી કે પાઠશાળામાં ભણતા શિષ્યો ગામમાંથી એક ફેરો કરીને જે મળે એ ભિક્ષા લઈ આવતા. એમાંથી જ ગુરુ પણ ખાઈ લે ને શિષ્યો પણ... આ રીતે પાઠશાળા ચાલ્યા કરતી. પછી સમય બદલાયો, ટ્રસ્ટ સ્થપાયું. એ પ્રમાણે વ્યવસ્થાતંત્ર બદલતાં બહારથી ભંડોળ ભેગું કરીને આ પાઠશાળા સંચાલિત રાખવાનું કાર્ય શરૂ થયું.

પાઠશાળા સાથે જોડાયેલા પુરાણશાસ્ત્રના પ્રાધ્યાપક મયૂર આચાર્ય કહે છે,

'સંસ્કૃત માધ્યમથી ભણવું - ભણાવવું પહેલી નજરે પડકારજનક લાગે, પણ પાઠશાળાના વાતાવરણમાં તમે જેમ ભળતા જાવ તેમ તેમ એ સરળ બનતું જાય છે.'

અહીંના બધા જ પ્રાધ્યાપકોનો પાયાનો વિચાર એ છે કે સંસ્કૃત શિક્ષણને - પ્રાચીન ગ્રંથોને આજના પ્રચલિત વૈજ્ઞાનિક શિક્ષણ કે આજના આધુનિક જમાનાથી જુદાં પાડીને શીખવવા કરતાં એકમેકના પૂરક બનાવવા જરૂરી છે. અનેક પ્રાચીન બાબતને વૈજ્ઞાનિક અભિગમ સાથે જોડીને સમજાવવાથી એ વધારે સરળ ને સચોટ બને છે ને વિદ્યાર્થી એને વધારે સારી રીતે સમજે છે. પરિણામે વિદ્યાર્થી આગળ જતાં સંસ્કૃત સાથે સંકળાયેલી કેટલીક વાતને વૈજ્ઞાનિક દ્રષ્ટિ સાથે લોકોને સમજાવી શકે છે.

પાંચ વર્ષથી પાઠશાળામાં ભણતો આચાર્યકક્ષાના પહેલા વર્ષનો વિદ્યાર્થી હર્ષિલ ભટ્ટ કહે છેઃ 'અત્યારે તો હું સુંદરકાંડ સંગીત સાથે ભણી રહ્યો છું. સંસ્કૃત ભણવાની મજા જુદી છે. ભાષાથી સાવ અપરિચિત હોવાથી પ્રથમ એ અઘરી લાગે, પણ ધીરજપૂર્વક એમાં ઊતરતા એની પ્રવાહિતા સમજાય પછી તો એ જ્ઞાન આહલાદક બની જાય છે.'

જો કે હવે વ્યવહારિક રીતે જોઈએ તો સૌથી મોટો પ્રશ્ન રોજગારીનો છે. સંસ્કૃત માધ્યમમાં ભણ્યા પછી કરવું શું ?

મહેશભાઈ સમજાવે છે,

'લોકોમાં એવી ગેરમાન્યતા છે કે સંસ્કૃતનો ઉપયોગ તો માત્ર કર્મકાંડને જ્યોતિષ માટે જ રહ્યો છે પણ એમ નથી. હવે તો સોમનાથ યુનિવર્સિટીની પણ સ્થાપના થઈ છે ને માન્ય પાઠશાળામાં સંસ્કૃત માધ્યમથી ભણેલા વિદ્યાર્થીઓનાં સર્ટિફિકેટ બોર્ડની સમકક્ષ ગણાય છે એટલે શાસ્ત્રીય (સ્નાતક) ભણેલા ગ્રેજ્યુએટ હોવાથી એ તમામ સ્પર્ધાત્મક પરિક્ષાઓ આપી શકે છે. મધ્યમા પછી આર્યુવેદાચાર્ય થવાનો માર્ગ છે, જે સંસ્કૃત માધ્યમથી ભણેલા વિદ્યાર્થી માટે વધારે સરળ છે. આચાર્યકક્ષાએ ભણી સોમનાથ યુનિવર્સિટીમાંથી પી.એચ.ડી. થઈ શકાય છે. સાથે ત્યાં શિક્ષણશાસ્ત્રી (બી.એડ.)ને વાસ્તુશાસ્ત્રી જેવા કોર્સ પણ છે.'

ભવિષ્યના આયોજન વિશે મહેશભાઈ કહે છે કે સંસ્કૃત માટે આ પાઠશાળામાં જ એક સંસાધનોથી સુસજ્જ સંશોધન કેન્દ્ર તૈયાર કરવું છે. આજે પણ ઘણા જિજ્ઞાસુ વિદ્યાર્થીઓ છે, જેમને યોગ્ય સગવડ કરી આપવાથી એ વધારે ને વધારે જ્ઞાન મેળવી શકશે ને આપણાં પ્રાચીન શાસ્ત્રોમાંથી જે કંઈ સમાજોપયોગી હોય એને બહાર લાવી શકશે.

(ચિત્રલેખા તા. ૧૬-૦૧-૨૦૧૮)

Fifth Edition of Raj Premier League at our Research Centre

Shree Rajanuyayi Privilege Card Team & Raj International Youth Forum (RIYF) Team is pleased and privileged to convey that the fifth season of Raj Premier League will be held on the **29th December, 2019** and is thrilled to convey that it will be held at Our **Shrimad Rajchandra Aatma Tatva Research Centre.**

The fourth season of one of the most loved and eagerly anticipated annual event took place on the 13th January 2019 at the Astro Park, Raghuvanshi Mills, Lower Parel, Mumbai from 8:00 a.m. to 11:00 p.m. and those who were fortunate enough to witness/ participate in it will vouch for its joyful and enriching experience. The Raj Premier League since its inception has been serving as a wonderful platform for Mumukshus to bond with each other for noble causes and also bring along Non-Mumukshus and give them an inspirational taste of the ultimate path via the gentleman's game.

The year and the event will forever be remembered for the introduction of the beautiful game of football and the inaugural experience and feedback signaled that football is very much here to stay as an integral part of the R.P.L. The event was graced, blessed and powered by Pujya Nileshbhai and the weather on the day was filled with showers of His vibrations and energy, we cannot thank Him enough for that. He flagged off the event in the opening ceremony by individually handing over the team flags to the team mascots and right from there the power of his wishes was felt by the participants. Both Cricket and Football were played in the appropriate spirit of oneness, equanimity, respect, friendliness, humour and the higher purpose was not lost and this could only have been possible due to the fact that Param Pujya Pappaji's vision of making us correctly understand Param Krupaludev's philosophy and path was on full operational mode and Pujya Nilesh bhai was present between us to motivate and guide us.

It will be appropriate to begin by earnestly thanking and appreciating all the participants & spectators especially the senior citizens. It was very kind of Shri. Niranjanbhai Lapasiya, Smt. Dinaben



Pujya Nileshbhai handing over flag to Mascot of Bahubali Blasters Team

Shah, Shri. Nimeshbhai Shah & many other senior Mumukshus participating in the event. Sincere gratitude is felt and hereby attempted to be expressed towards all the sponsors who laid the selfless financial turf on which the games were played with supreme enthusiasm. Special thanks to Darshanaben Doshi, Nandkumarji & Shaishav Mody for sponsoring our favourite School team. Eleven teams participated in the cricket league wherein every team reflected a filmy flavour with their refreshingly creative Bollywood movie names and jerseys and spectacular mascots representing the character of the team complete with wonderful costumes and matching dancing and acting skills. The food served and fuelling everyone right from breakfast, lunch, high tea and dinner was healthy and delicious with something for everyone. More than 250 people were part of this wonderful event.

Every team gave their best and played with noteworthy attitude. The rules and regulations were laid down so clearly and meticulously that there was no scope for any confusion or discrepancies. “The Super Over” is a prime example where the runs scored by the marquee player were to be doubled and 5 runs were to be deducted if he gets out in this Super Over which was to be selected by the batting team. Such and many other innovative rules interestingly enhanced the playing and viewing experience of the games. The teams that surpassed all kinds of challenges skillfully and clinched the winners’ trophies were the worthy Bindaas Baghis in the Cricket League and Old is Gold 1 Team in the Football League.

The conclusion of this year's edition of the R.P.L. have already sparked flames for the coming edition and it might not be an overstatement that it would be bigger and better and for the first time in history it will extend its horizons to be a PAN World tournament with teams from other centres viz. Dubai, Kolkata, Bangalore and many more..



RPL Football Winner – Old is Gold 1



Inauguration of Football Premier League by Pujya Nileshbhai



RPL Cricket Winner – Bindaas Baghis

નવ તત્વ

અજીવ તત્વ

અજીવ - જડ જેનામાં જીવ નથી, ચૈતન્ય રહિત, ઉપયોગ રહિત પદાર્થ/તત્વ.

આ અજીવ તત્વ એટલે પુદ્ગલ, જેવા કે ખાટલા, પાટલા, વસ્ત્ર, ઈત્યાદી અનેક વસ્તુઓ. સૃષ્ટિમાં કોઈક અજીવ તત્વો એવા પણ છે જેને આપણે ચક્ષુ દ્વારા જોઈ શકતા નથી. તે પણ અજીવ દ્રવ્ય તરીકે પણ પ્રસિધ્ધ છે.

૧. ધર્માસ્તિકાય

૨. અધર્માસ્તિકાય

૩. આકાશાસ્તિકાય

૪. પુદ્ગલાસ્તિકાય

૫. કાળ

અસ્તિ - પ્રદેશ, કાય - સમુહ. પ્રદેશોનો સમૂહ તે અસ્તિકાય. જીવ, ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ એ અસ્તિકાય છે, પ્રદેશોના સમૂહરૂપે છે. કાળ એક પ્રદેશી છે તેથી અસ્તિકાય નથી.

ધર્માસ્તિકાય - ગતિસહાયક (જીવ અને પુદ્ગલને)

અધર્માસ્તિકાય - સ્થિતિસહાયક (જીવ અને પુદ્ગલને)

આકાશાસ્તિકાય - જગ્યા આપવામાં સહાયક (સર્વ પદાર્થોને)

પુદ્ગલાસ્તિકાય - વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળું.

કાળ - વસ્તુના પરિવર્તનમાં સહાયક

શ્રી રાજ રોટી સેવાની દ્વિતિય વર્ષગાંઠ

પૂજ્યશ્રી પ્રેમાચાર્યજી (પ.પૂ. પપ્પાજી)ના માર્ગદર્શન હેઠળ તથા તેમનું આપેલું સૂત્ર - ''જે બીજાના સુખનો વિચાર કરે તે ક્યારેય દુઃખી ન હોય'' - તેમાંથી પ્રેરણા લઈને સંસ્થાના માનવસેવા ક્ષેત્રે કાર્યરત એકમ શ્રી રાજ રોટી દ્વારા જરૂરિયાતમંદ લોકોને વિભિન્ન પ્રકારની વસ્તુઓ પુરી પાડવાની સેવાનો પ્રારંભ વર્ષ ૨૦૧૩માં કરવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૧૭માં પૂજ્યશ્રી પ્રેમાચાર્યજી (પ.પૂ. પપ્પાજી)ની સૂચનાને અનુસરીને કોલકાતા રીસર્ચ સેન્ટરના કમિટિ સભ્યો દ્વારા જરૂરિયાતમંદ લોકોને પેકેટ્સ વિતરણ સેવાનો લાભ વધુ લોકોને પ્રતિદિન મળી રહે તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો. તા. ૦૧-૦૫-૨૦૧૭ના ભવાનીપુર વિસ્તારના રાય સ્ટ્રીટ મધ્યેથી આશરે ૫૦ લોકોને પ્રતિદિન સાંજે ૭.૦૦ કલાકેથી નિઃશુલ્ક ભોજન વિતરણની સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો જેનો આંક આજે વધીને આશરે ૮૦ સુધીનો થયો છે. છ માસ બાદ ગુજરાતી બાલમંદિર પાસે આ સેવાનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. સહયોગી દાતાઓએ ઉત્સાહપૂર્વક આ સેવામાં પોતાનું બહુમૂલ્ય યોગદાન નોંધાવાનું શરૂ કર્યું જેના કારણે આજે બે વર્ષ દરમિયાન અખંડિતપણે પ્રતિદિન આ સેવાનો લાભ જરૂરિયાતમંદ લોકોને મળી રહ્યો છે.



તા. ૦૧-૦૫-૨૦૧૯ના બુધવારે શ્રી રાજ રોટી દ્વારા પ્રતિદિન ચાલી રહેલી આ માનવસેવાને બે વર્ષ પૂર્ણ થયા તે ઉપલક્ષે આશરે ૮૦ લોકોને ભોજનની સાથે પ્યોર કોટનના નેપકિન, ટોવેલ અને નાઈટીનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. વરદાન માર્કેટમાં આવેલી ફેન્સી નાઈટીની દુકાન ''નોટી શોપ'' ના માલિક મનોજ ખેમકાએ કોટનની નાઈટી આપીને આ સેવામાં સહયોગી દાતા તરીકે પોતાનું નામ નોંધાવ્યું હતું તેમજ તે દિવસના ભોજન અને અન્ય વસ્તુઓના મુખ્ય દાતા તરીકે રાજુભાઈ બિયાની અને પ્રફુલભાઈ શાહે પોતાનું નામ નોંધાવીને સેવામાં લાભ લીધો હતો.

આ ઉપક્રમે શ્રી રાજ રોટીના મુખ્ય કાર્યકર્તા કેતનભાઈ વોરા તથા તેમની ટીમના દરેક સભ્યોએ માનવસેવાના આ કાર્યને આખા વર્ષ દરમિયાન સૂચારૂરૂપે ચાલુ રાખવા બદલ નિરાનંદ રેસીડેન્સીના માલિક શ્રી ભરતભાઈ શાહ તથા શ્રીમતિ મોનાબેન શાહનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.





Orthopaedic and Gynaecology Camps

The Orthopaedic Camp was organised on 14th April 2019 at Shri Raj Medical Centre, Parli. Dr. Haresh Manglani, Orthopaedic Surgeon from Mulund examined 12 patients. Out of them one patient was diagnosed for Paraplegia & he was advised for wheel chair and social support from local politician for his daily earning. With the Grace of Pujyashri, timely diagnosis by Dr. Haresh Manglani and efforts by Dr. Harish Goshar, he was presented special wheel chair. Medical staff at clinic volunteered the camp.

The Gynaecology Camp was organised on 26th - 27th April, 2019, at Shrimad Rajchandra Aatma Tatva Research Centre, Rajnagar for ladies of housekeeping staff, Chakri staff & Shri Raj Education School staff and Teachers. Dr. Smita Bhamre, Gynaecologist from Dadar, had given talk on general hygiene and common diseases to all the ladies. In two days 99 ladies thoroughly examined by her. The camp was assisted by Dr Saroj Baghrecha, volunteered by Mrs. Smita Somaiya, Mrs.





Supriya Gupta, Mrs. Chandrika Parikh, Staff Rajubhai Rambia and Pankaj Thakkar. According to Dr. Smita Bhamre all the ladies were healthy but they required nutritional supplements. Her observation was that all the staff members were well mannered, contented and spiritually inclined.

Shree Raj Medical Centre Every Month	
Skin OPD	1st Sunday
Orthopedic OPD	2nd Sunday
ENT OPD	3rd Sunday
Gynaec OPD	4th Sunday











Cucumber Mint Mojito

Ingrediants

Cucumber - I
Mint Leaves - 1/2 Cup
Soda - 1 Litre
Lime Juice - 6 Tbsp
Lemon Pieces - 1/2 Cup
Sugar - 15 Tsp
Crushed Ice



Method:

Peel and grate cucumber. Blend mint leaves, grated cucumber, sugar and lime juice in a blender.

Pour mixture equally in 6 glasses, add Ice and top up with Soda. Decorate with mint leaves and Lemon pieces and serve chilled.

Water Melon Paneer Salad


(Serves 4)

6 Cups cubed watermelon
1 Ttbsp. olive oil
juice of 1 lemon
3/4 Tsp pepper powder
1/2 Cup chopped mint leaves
3/4 Cup crumbled paneer

Method: Chill the water melon. In a bowl mix olive oil, Lemon juices, salt and pepper. In a bowl put the water melon cubes, pour the dressing and chopped mixture over the water melon and toss gently. Add the paneer and stir gently. Serve chilled.



તત્ત્વ ઉકેલ



આડી ચાવીઓ :

૨) તિર્થંકરનો બોધ સાંભળી અને આત્મસાત્ કરે છે તે ..... (૪)

૫) ત્યાગ, વૈરાગ્ય પછી દરેક પદાર્થ પ્રત્યે નિરાસક્ત ભાવ તે ..... છે (૫)

૯) મનન કરવાથી છાપ પડે છે, ... કરવાથી ગ્રહણ થાય છે. (૫)

૧૦) જ્યાં સુધી રાગ-દ્વેષ છે ત્યાં સુધી ..... રહિત થવાતું નથી. (૩)

૧૧) જો ..... થી છૂટવું હોય તો સંકલ્પ - વિકલ્પ અને રાગ-દ્વેષ ને મૂક (૫)

૧૩) ઈન્દ્રિયો અને મન વશ થાય તે ..... (૫)

ઊભી ચાવીઓ :

૧) બીજા જીવોને દુઃખી જોઈ એમ થાય કે એને કેવા કર્મોનો ઉદય ભોગવવો પડે છે ! ..... (૪)

૨) હું કોઈ ..... માં નથી પણ આત્મામાં છું. (૨)

૩) પદાર્થ પોતાનાં સ્વભાવમાં રહે એ એનો ..... કહેવાય (૨)

૪) સારો સમાગમ, સારી રીતભાત હોય ત્યાં ..... આવે (૩)

૬) ..... પરિણામ આત્માને ભજ્યા કરે છે. (૩)

૭) ..... સાત પ્રકારની છે. (૩)

૮) સંસારના પદાર્થોમાં જ ..... રહ્યા કરે છે. (૩)

૯) ..... આગળ સહનશીલતા જ સુખદાયક છે. (૫)

૧૨) ..... ગયુ તો ચાર ગતિ ટળે. (૩)

FORTHCOMING EVENTS

18th to 19th May, 2019	Seva Thi Sadhana - News Paper Collection Shibir	Research Centre	Parli
21st to 25th May, 2019	Su - Vicharna na Mandaan (a beginning) - Shibir	Research Centre	Parli
26th May, 2019	Param Gyaan Sabha & Sarvarpan Divas	Vasant Smriti	Mumbai
1st to 5th June, 2019	RIYF Shibir (Age: 17 to 40 years)	Research Centre	Parli
9th June, 2019	Param Gyaan Sabha	Vasant Smriti	Mumbai
15th to 16th June, 2019	Premsevak's Readers Forum	Research Centre	Parli
23rd June, 2019	Param Gyaan Sabha	Vasant Smriti	Mumbai
23rd to 26th June, 2019	Prem Prasad Group - Brahmachariji Nu Jivan Charitra	Research Centre	Parli
28th to 30th June, 2019	Tatva Siddhant - Part 2	Research Centre	Parli
4th to 10th July, 2019	NRI - Shibir	Research Centre	Parli
12th to 14 July, 2019	Param Gyaan Sabha & Guru Purnima Celebrations	Research Centre	Parli

Shree Premacharyaji's Satsang DAILY relay on **ARIHANT CHANNEL**at 9 am/11.20 pm
Shree Premacharayaji's Satsang is available live on **www.vitraagvigyaan.org**

PUBLISHED BY: Printed and Published by Himanshu Gandhi on behalf of Spiritual Impressions Private Limited and Printed at M/s. Hemprints at Chowgule House, Amrut Nagar, Off. M.V. Road, Chakala Naka, Andheri (East), Mumbai 400093 and Published from 703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020.

EDITOR : Dr. Meena Goshar. **DESIGN:** Hari Creation - 9561437108

CORRESPONDENCE ADDRESS

ANANYA PARIVARTAN

C/o Shrimad Rajchandra Aatma Tatva Research Centre

703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020 Tel: +91 22 22005727 Email: info@simpl.in

જ્ઞાનદાન સૌજન્ય

નિમિષ રણધીર ઝવેરી, મુંબઈ

કેવલ એન. બહુઆ, મુંબઈ

સ્વીટીબેન સત્સંગ ગ્રુપ - મુલુંડ, મુંબઈ

ANANYA PARIVARTAN

Requirement for Experienced Creative Designers

ANANYA PARIVARTAN is looking for young, dynamic, sevabhavi, dedicated, experienced and persons having creative abilities for designing and layout of Magazine to be a part of the Editorial Team.

Persons interested may contact:

Meena Goshar : 9819317038 Sanju Rawell: 9820186548

SPONSORSHIP – GYAN DAAN
For ANANYA PARIVARTAN

ANANYA PARIVARTAN is our organization's spiritual magazine aimed to spread the principles of Vitraag Vigyaan. Commercial advertisements are not accepted to respect spiritual sanctity. However, we offer several Gyan Daan opportunities to one and all. Sponsor an issue or a page on birthdays, anniversaries and other occasions and earn Punya. Gyan Daan is considered to be one of the best forms of Donation and it helps to shed off layers of ignorance from the Soul – Aatma.

Annual	**: Rs. 3,00,000/- (For all 6 issues)**
One Issue	**: Rs. 50,000/-**
Back Cover	**: Rs. 9,000/-**
Inside Front Cover	**: Rs. 7,500/-**
Inside Back Cover	**: Rs. 6,000/-**
Centre Spread	**: Rs. 11,000/-**

For Sponsorship, please contact:

Dr. Meena Goshar : 09819317038, mgoshar@yahoo.com
Sanjiv Rawell : 09820186548, sanjurawell@gmail.com
Pratibha Chheda : 09324715450, pratibhachheda06@gmail.com
Dina Shah : 09833822320, dinashah09@gmail.com

Shrimad Rajchandra Aatma Tatva Research Centre
703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020. Tel: +91 22 22060477 **Email :** info@simpl.in

Subscription Year : April to March

SUBSCRIPTION RATES

◆ **One Year : Rs. 400/-**

ANANYA PARIVARTAN
Shrimad Rajchandra Aatma Tatva Research Centre

703, Sharda chambers,15 New Marine Lines, Mumbai-400020
Contact No: 022-22060477 **Email:** info@simpl.in **website:** www.vitraagvigyaan.org

Annual Subscription Form

(Please fill the form in capital letters)

Name of the Subscriber: _____

Address of Delivery : _____

_____ Landmark: _____

City: _____ PinCode: _____ State:_____ Country: _____

Tel: (R)_____ (O)_____

Mobile:_____E-mail:_____

Mode of payment: Cash / Cheque / DD No. _____ Dated _____

Drawn on Bank _____ for **Rs.** _____/-

(Rupees _____ only).

Date: ___/___/_____ Signature of the Subscriber

* Subscription form should be sent to the above address.

Any amount payable can be directly deposited by cheque in any branch of **Indian Bank Current A/c No. 6145603669** (Cumballa Hill) for credit of "**Shrimad Rajchandra Aatma Tatva Research Centre".** Please email to info@simpl.in after making deposit in Bank.

મહાવીર જન્મ કલ્યાણકની ભક્તિમય ઉજવણી



Shrimad Rajchandra
Aatma Tatva Research Centre

Research Centre

Raj Nagar, Post Gothavade, Parli, Taluka Sudhagadh, Off Khopoli-Pali Road, Dist. Raigad- 410205

Tel. : +91 78754 32613

Head Office

702, Sharda Chambers, 15 New Marine Lines, Mumbai- 400 020

Tel. : +91 22 22005727

E-mail : info@vitraagvigyaan.org

Helpline : +91 99200 19903 (Queries regarding Research Centre, Satsang, Satsang Centres & Activities)

